**સુવિચાર**

''આપણી ત્વચા શ્યામ હોય તો ચાલી જશે, આપણી નિયતિ કૃષ્ણ જેવી હોવી જોઈએ.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૨૭/૧૦/૨૦૨૬, મંગળવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૨૬૬

### ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં માર્ગદર્શનતળે જબરદસ્ત આયોજન

# અમરેલીમાં દબદબાભેર ''કેસરીયા શરદોત્સવ'' યોજાયો

**શરદપૂર્ણિમાની રાત્રિએ ભક્તિ પરંપરા અને ઉત્સાહનાં રંગો છવાઈ ગયા**

**પાયલોટ સ્મિત મચ્છરથી લઈને સોલાર થીમ પર આકર્ષક શણગાર જોવા મળ્યો**

**હજારો ખેલૈયાઓની સાથે રાજયમંત્રી, સાંસદ, ધારાસભ્યો, ઈફકો ચેરમેન, યાર્ડનાં પૂર્વ ચેરમેન પણ જોડાયા**

**ખેલૈયાઓએ ઉર્જા રાજયમંત્રીને ખભે બેસાડીને ખૂશી વ્યકત કરી હતી**



અમરેલી, તા. ૨૬

અમરેલીમાં શરદપૂર્ણિમાની રાત્રે અમરેલીમાં ભકિત, પરંપરા અને ઉત્સાહના રંગો છવાઈ ગયા હતા. ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયાના આયોજનમાં યોજાયેલા ભવ્ય કેસરીયો શરદોત્સવમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવિયા, જે.વી. કાકડિયા, પી.પી. સોજીત્રા સહિતના રાજકીય અગ્રણીઓએ હાજરી આપી હતી. નેતાઓની ઉપસ્થિતિએ શરદોત્સવની રોનકમાં વધારો કર્યો હતો. કેસરીયા શરદોત્સવમાં માત્ર રાજકીય મુલાકાતો જ નહીં, પરંતુ નેતાઓનો ગરબે ઘૂમવાનો અંદાજ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, દિલીપ સંઘાણી, જનક તળાવિયા અને જે.વી. કાકડિયાએ ગરબાના તાલે રાસની રમઝટ બોલાવી હતી. નેતાઓ સાથે ગરબે ઘૂમ્યા બાદ ઉર્જામંત્રી કૌશિક વેકરીયા પરિવારજનો સાથે પણ રાસ રમ્યા હતા. રાજકીય વ્યસ્તતાઓ વચ્ચે પરિવાર સાથે તહેવારની ઉજવણી કરતા મંત્રીનો આ આગવો અંદાજ ઉપસ્થિત લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. ત્યારે કેસરીયા શરદોત્સવમાં સ્મિત મચ્છરનાં પોસ્ટર સાથે આવેલી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### રાનીપશુઓની અવરજવરથી ફફડાટ

## ખાંભાનાં મોટા સરાકડીયા ગામે ખેડૂત પર દીપડાનો હુમલો, માથામાં ગંભીર ઈજાઓ

**સારવાર અર્થે ખાંભા બાદ અમરેલી ખસેડાયા**


તસ્વીર : રાજુ વાળા–ખાંભા

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓ દ્વારા માનવીઓ પર હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે ખાંભા તાલુકાનાં મોટા સરાકડીયા ગામે વાડીમાં સૂતેલા ખેડૂત પર દીપડાએ હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. આ હુમલામાં ખેડૂતને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે ખાંભા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખાંભા તાલુકાનાં મોટા સરાકડીયા ગામના ખેડૂત બાલાભાઈ ભુવા પોતાની વાડીએ સૂતા હતા. દરમિયાન મોડી રાત્રે અચાનક દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. દીપડાનાં હુમલામાં બાલાભાઈ ભુવાને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ચિંતા અને ભયનો માહોલ જોવા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### નવી મતદાર યાદીની ચકાસણી કરાતાં સફળતા મળી

## રાજુલા પોલીસે ૨૭ વર્ષ પહેલા ગુન્હો કરી નાસી ગયેલ આરોપીને નાગપુર વિસ્તારમાંથી ઝડપી લીધો

**પોલીસ અક્ષિકનાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસને મળી સફળતા**


આરોપી અબ્દુલ સત્તાર મોહમદ

અમરેલી, તા. ૨૬

રાજુલા પોલીસ સ્ટેહનનાં પો.ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબારી હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના નાસતા–ફરતા આરોપીની તપાસ કરી અને શોધી કાઢવા રાજુલા પોલીસ સ્ટેશન તેમજ સર્વેલન્સ ટીમને ખાસ સુચના આપેલ હતી. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૭૧/૧૯૯૯ આઈ.પી.સી. કલમ ૪૦૭, ૪૦૮ મુજબના ગુન્હાના હબીબ કુરેશી (રહે. ઘરોરા તા. લક્ષ્મણપૂર, જી.પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ) વાળો છેલ્લા ૨૭ વર્ષથી નાસતો ફરતો હોય અને અમરેલી જીલ્લાનો લીસ્ટેડ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

વર્ષ ૧૯૯૯માં રાજુલા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૭૧/૧૯૯૯ આઈપીસી કલમ–૪૦૭, ૪૦૮ વી. મુજબનો છેતરપિંડીનો ગુન્હો ગત તા. ૮/૧૨/૯૯ના રોજ દાખલ થયેલ હોય. જેમા ટ્રક ડ્રાઈવર જે સીમેન્ટની ગાડી કોવાયા કંપનીમાંથી ચલાવતો હોય જેણે અન્ય આરોપીઓ સાથે મળી કુલ–૩૦ ટન (૬૦૦ બેગ) સીમેન્ટ જે તે વખતની કિંમત રૂપિયા ૫૮૫૦૦ બારોબાર વેચી દઈ અને ટ્રક મુકી નાસી ગયેલ હતા. જેમા કુલ ત્રણ આરોપી જે તે વખતે પકડાઈ ગયેલ, પરંતુ ટ્રક ડ્રાઈવર આરોપી અબ્દુલ સત્તાર મોહમદ હબીબ કુરેશી (રહે. ઘરોરા તા. લક્ષ્મણપૂર જી. પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ) છેલ્લા ૨૭ વર્ષથી પોલીસ પકડથી દુર હોય જે અમરેલી જિલ્લાની નાસતા–ફરતા લિસ્ટેડ યાદીમાં જાહેર થયેલ હોય જેને રાજુલા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા નાગપુર (મહારાષ્ટ્ર) ખાતેથી શોધી કાઢેલ છે.

આરોપી છેલ્લા ૨૭ વર્ષથી

**અનુસંધાન પાના ૬ ઉપર**

નામ નોંધાવવા માટે (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪

**ડોકટર હાઉસ અમરેલી**

કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D)

ડો. આર.ડી. ઘોડાસરા (M.S)

ડો. રૂચિતા જેઠવા (M.D)

ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)

અનંતા હોસ્પિટલ, નિકોલ–અમદાવાદ–કાયમી કન્સલ્ટન્ટ

ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬

ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. – ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦









## ધારાસભ્ય અમિત ચાવડા અને ડો. તુષાર ચૌધરીની આગેવાનીમાં

# કોંગ્રેસે પોલીસ દમન અને ખોટા કેસોનાં વિરોધમાં ડીજીપીને આવેદનપત્ર પાઠવ્યું

**ગુજરાત અને દેશમાં અંગ્રેજોનાં શાસન જેવી સ્થિતિનો કોંગી આગેવાનોએ કર્યો આક્ષેપ**

**સરકાર સામે અવાજ ઉઠાવો તો દેશદ્રોહી બનાવી ખોટા કેસોમાં જેલમાં ધકેલી દેવામાં આવે : ચાવડા**

**ભ્રષ્ટ પોલીસ અધિકારીઓની આવક કરતાં અનેકગણી વધુ કરોડોની સંપત્તિની તપાસ કરાવો**

**ગુજરાતમાં પોલીસ અને પ્રશાસન ભાજપનાં ઈશારે કામ કરતું હોવાનો આક્ષેપ**







અમદાવાદ, તા. ૨૬

ગુજરાતમાં પોલીસ દમન, ખોટા પોલીસ કેસો અને વિપક્ષ સામે ભેદભાવપૂર્ણ કાર્યવાહીના આક્ષેપો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આજે ગુજરાત પોલીસ ભવન, ગાંધીનગર ખાતે રાજયના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)ને આવેદનપત્ર આપ્યું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીની આગેવાનીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. વિધાનસભા વિરોધ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, પૂર્વ સાંસદ અને પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જીગ્નેશ મેવાણી, ધારાસભ્ય દિનેશજી ઠાકોર, કાંતિ ખરાડી, ઈમરાન ખેડાવાલા, અમરતજી ઠાકોર, ઓડિસ્સાના પ્રભારી લાલજી દેસાઈ, પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન પટેલ, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલ, ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ શકિતકુમાર પટેલ સહિતના કોંગ્રેસના આગેવાનો, શહેર જિલ્લા પ્રમુખ, કોર્પોરેટરો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે રાજયમાં પોલીસ તંત્ર નિષ્પક્ષ રીતે કામગીરી કરતું નથી. વિપક્ષના નેતાઓ, કાર્યકરો અને સરકારની નીતિઓનો વિરોધ કરતા નાગરિકોને નિશાન બનાવવામાં આવે છે.

આવેદનપત્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યકત કરવામાં આવી હતી. દારૂ, ચરસ, ગાંજો અને ડ્રગ્સના ગેરકાયદે વેપાર સામે અસરકારક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી. હવાલા રેકેટ, હત્યા, બળાત્કાર અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પર પણ યોગ્ય પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી હતી.

કોંગ્રેસે તાજેતરની ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. આવેદનપત્ર મુજબ, વોર્ડ નંબર–૪ના કોંગ્રેસના ઉમેદવાર યુનુસ પરમારને ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે અટકમાં લેવામાં આવ્યા હતા. તેમના સમર્થકોને પણ એલસીબી દ્વારા સેકટર–૭ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરાયો હતો.

કોંગ્રેસના ઉમેદવારને ખોટી રીતે પોલીસ સ્ટેશનને લઈ ગયા હતા તેમને છોડાવવા ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ત્યારબાદ આ આગેવાનો સામે પણ ગુના નોંધવામાં આવ્યા હતા. કોંગ્રેસે આ કાર્યવાહીની તપાસ કરવાની માંગણી કરી હતી.

કોંગ્રેસે જણાવ્યું હતું કે વિપક્ષ અને નાગરિક સંગઠનોને વિરોધ પ્રદર્શન માટે મંજૂરી મેળવવામાં મુશ્કેલી પડે છે. બીજી તરફ, ભાજપના નેતાઓને કાર્યક્રમો માટે મંજૂરી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરાયો હતો.

કોંગ્રેસ કાર્યાલયની બહાર થયેલા વિરોધ પ્રદર્શનો અને પૂતળાદહનના બનાવોમાં પોલીસની ભૂમિકા સામે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

વડાપ્રધાન, કેન્દ્રીય ગૃહમંત્રી અને મુખ્યમંત્રીની મુલાકાત દરમિયાન કોંગ્રેસના નેતાઓને અટકાયતમાં લેવામાં આવતા હોવાનો પણ આક્ષેપ કરાયો હતો. આવા કિસ્સાઓમાં બંધારણીય અધિકારોનું રક્ષણ કરવાની માંગણી કરવામાં આવી હતી.

પાટણમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે બનેલી ઘટનાનો મુદ્દો પણ આવેદનપત્રમાં ઉઠાવવામાં આવ્યો હતો.

કોંગ્રેસના આક્ષેપ મુજબ, રાહુલ ગાંધીની તસવીર પર શાહી છાંટવાના પ્રયાસને લઈને વિવાદ થયો હતો. આ મામલે મહિલા આગેવાનો જમાબેન ઠાકોર અને ભૂમિકાબેન પટેલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

કોંગ્રેસે આ ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગણી કરી હતી.

કેટલાક યુટયુબર અને સોશ્યલ મીડિયા પર સક્રિય યુવાનોના એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. આ કાર્યવાહી કયા કાયદાકીય આધારે કરવામાં આવી તેની તપાસ કરવાની માંગણી કરાઈ હતી.

ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામમાં ઠાકોર પરિવારની જમીન અંગેના વિવાદનો પણ આવેદનપત્રમાં ઉલ્લેખ કરાયો હતો.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે આશરે રૂ. ૧૫૦ કરોડની કિંમતની જમીન રૂ. ૧ કરોડમાં લખાવી લેવાનો પ્રયાસ થયો હતો. આ મામલે ગાંધીનગર રેન્જના આઈજી વિરેન્દ્ર યાદવ, અડાલજ પોલીસ સ્ટેશનના પી.આઈ. દેસાઈ અને અન્ય સંબંધિત અધિકારીઓની ભૂમિકાની તપાસ કરવાની માંગણી કરવામાં આવી હતી.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, જમીન માલિક પરિવાર પર દબાણ કરવામાં આવ્યું હતું. પૂર્વ સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જગદીશ ઠાકોરનું નામ પણ ફરિયાદમાં ઉલ્લેખીને તેમને બદનામ કરવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કરાયો હતો. કોંગ્રેસે આ સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ કરવાની માંગણી કરી હતી.

કોંગ્રેસે ભાજપના બનાસકાંઠા જિલ્લાના પ્રભારી ધવલ દવે સામે પણ આક્ષેપો કર્યા હતા.

આવેદનપત્ર મુજબ, વડગામના કોંગ્રેસના ધારાસભ્યનાં બહેન વિશે સોશ્યલ મીડિયા પર અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે આ મામલે હજુ સુધી એફઆઈઆર નોંધવામાં આવી નથી.

આ પ્રકારની ઘટનાઓથી બે સમાજો વચ્ચે વૈમનસ્ય ફેલાવાની શકયતા વ્યકત કરવામાં આવી હતી. કોંગ્રેસે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

---

### અમરેલીથી સાવરકુંડલા તરફ જતાં રોડ ઉપર

## પિપાવાવ હાઈવે પર એલપીજી ભરેલું ટેન્કર પલટી જતાં અફડાતફડી

**બાઢડા ગામ નજીક સર્જાયેલી ઘટનાથી તંત્ર દોડતું થયું**





અમરેલી, તા. ૨૬

અમરેલી–પિપાવાવ નેશનલ હાઈવે પર ગેસ ભરેલા ટેન્કરો પલટી ખાવાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ નજીક પિપાવાવ પોર્ટથી એલપીજી ગેસ ભરીને બાબરા તરફ જઈ રહેલું ટેન્કર ગઈકાલે બપોરે અચાનક પલટી જતાં હાઈવે પર અફડા તફડી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા અને અમરેલીની ફાયર બ્રિગેડની ટીમો તેમજ પોલીસ અને વહીવટી તંત્ર તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયાં હતાં.

સુત્રોમાંથી મળતી પ્રાથમિક વિગતો અનુસાર, એલપીજી ગેસ ભરેલું ટેન્કર બાઢડા ગામ નજીકથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક પલટી ખાઈ ગયું હતું. આ બનાવમાં ટેન્કરના ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ગેસ ભરેલા ટેન્કરની ઘટનાને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યાં હતાં.

પોલીસ દ્વારા માર્ગ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો હતો, જયારે ફાયર બ્રિગેડની ટીમોએ ટેન્કર આસપાસ પાણીનો છંટકાવ શરૂ કર્યો હતો. સાવરકુંડલા પોલીસ અને વહીવટી તંત્રની ટીમોએ સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. સુરક્ષાનાં કારણોસર અમરેલી–રાજુલા માર્ગ પરનો વાહનવ્યવહાર થોડા સમય માટે બંધ કરવામાં આવતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

જોકે, જરૂરી કાર્યવાહી બાદ માર્ગ પર વાહનવ્યવહાર ફરી શરૂ કરવામાં આવતાં વાહનચાલકોએ રાહતનો દમ લીધો હતો. ટેન્કર કયા સંજોગોમાં પલટી ખાઈ ગયું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

---

### સીસીટીવી ફૂટેજનાં આધારે પોલીસને મળી મહત્વની કડી

## ઉનાનાં ભીંગરણમાં વૃધ્ધાની હત્યાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલાયો

**આરોપી મહિલાનાં ઘરેથી લૂંટાયેલા સોનાનાં દાગીનાં કબ્જે કરાયાની માહિતી**



ઉના, તા. ૨૬

ઉના તાલુકાનાં ભીંગરણ ગામે ૮૫ વર્ષીય રખમાઈબેન પીઠાભાઈ બાંભણિયાની હત્યાનાં ચકચારી બનાવમાં પોલીસે ગણતરીની કલાકોમાં જ મહિલાને ઝડપી પાડી હોવાની માહિતી સામે આવી છે. મૃતકનાં ભાણિયાની પત્ની ભાણીબેન ડાયાભાઈ જેસાભાઈ પામક (ઉંમર ૫૨ વર્ષ)ની આ કેસમાં સંડોવણી હોવાનું સામે આવતાં પોલીસે તેની પૂછપરછ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રખમાઈબેન ભીંગરણ ગામમાં આંગણવાડી કેન્દ્ર નંબર–૧ નજીક આવેલા પોતાના મકાનમાં એકલાં રહેતાં હતાં. આરોપી મહિલા અવાર નવાર તેમના ઘરે આવતી–જતી હતી. ઘટનાનાં દિવસે બપોરે આશરે દોઢ વાગ્યે મહિલા વૃધ્ધાનાં ઘરે પહોંચી હતી. તે સમયે રખમાઈબેન તેના માટે ચા બનાવી રહ્યાં હતાં. દરમિયાન તીક્ષ્ણ હથિયાર વડે વૃધ્ધાનાં કાન અને ગળાનાં ભાગે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમનું મોત નીપજયું હતું.

હત્યા બાદ મહિલા લોહીવાળા હાથ પાણીથી ધોઈને પોતાના ઘરે જતી હતી ત્યારે ગામમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાની માહિતી છે. પોલીસ તપાસ દરમિયાન આરોપી મહિલાનાં ઘરેથી વૃધ્ધાનાં લૂંટાયેલાં સોનાનાં બે બૂટિયા અને ત્રણ કડી કબજે કરાયાં હોવાની વિગતો પણ સામે આવી છે.

ઘટનાની જાણ થતાં નવાબંદર મરીન પોલીસ, જિલ્લા પોલીસ અને ઉના વિભાગનાં ડીવાયએસપી મહાદેવ ચૌધરી સહિતનાં અધિકારીઓ તપાસમાં જોડાયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસનાં આધારે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં જ મહિલાને ઝડપી પાડી હતી.

હાલમાં પોલીસ મહિલાની પૂછપરછ કરી રહી છે અને હત્યામાં વપરાયેલું તીક્ષ્ણ હથિયાર કબજે લેવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હત્યા પાછળનું ચોક્કસ કારણ શું હતું અને ઘટનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

---

### ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ખાતમુહૂર્ત

## વલારડી અને નીલવડા ગામે રૂા. ૪.૨૦ કરોડનો ખર્ચે થશે વિકાસ કાર્યો

**સમસ્ત ગ્રામજનોમાં ખુશીનો માહોલ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના વલારડી અને નીલવડા ગામે વિકાસકાર્યોને વેગ આપતાં ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે કુલ રૂ. ૪.૨૦ કરોડના ખર્ચે રોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વલારડી ગામે રૂા.૨.૮૫ કરોડના ખર્ચે એપ્રોચ રોડ તથા નીલવડા ગામે અંદાજિત રૂા.૧.૩૫ કરોડના ખર્ચે સી.સી.રોડનું નિર્માણ થવાથી ગ્રામજનોને અવર જવરમાં વધુ સુવિધા મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, લાઠી – બાબરા – દામનગર વિધાનસભા મતવિસ્તારના દરેક ગામમાં પાયાની સુવિધાઓ મજબૂત બને અને ગ્રામજનોને અવર જવરમાં મુશ્કેલી ન પડે તે માટે રોડ – રસ્તા સહિતનાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. વલારડી ગામે એપ્રોચ રોડ અને નીલવડા ગામે સી.સી.રોડનું નિર્માણ પૂર્ણ થતાં ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વાહન ચાલકોને સીધો લાભ મળશે. રાજય સરકાર સાથે સંકલન કરીને મતવિસ્તારનાં ગામોમાં વિકાસકાર્યો સાકાર થાય અને ગ્રામ્ય વિસ્તારો સુધી વિકાસના લાભો પહોંચે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ – મહામંત્રી, બંને ગામોના સરપંચ, આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ વિકાસ કાર્યોની મંજૂરી બદલ આનંદ વ્યક્ત કરી ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો.

---

### અમરેલીનાં એડીશનલ સેશન્સ જજશ્રી એમ.એમ. પરમાર સમક્ષ કેસ ચાલી જતાં

## મતીરાળા ગામે ૯ વર્ષ પહેલાનાં ઉપસરપંચનો એટ્રોસીટી અને મારામારીનાં ગુન્હામાં નિર્દોષ છુટકારો

**એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી**



અમરેલી, તા. ૨૬

આ બનાવની વિગતો જોવામાં આવે તો બનાવ તા. ૧૩–૦૨–૨૦૧૭ ના રોજ મતીરાળા ગ્રામ પંચાયતની કચેરીમાં બનેલ હતો અને તે સમયે સરપંચશ્રીએ કારોબારીની મીટીંગ બોલાવેલ હતી. જેમાં ઉપસરપંચ ગણેશભાઈ હરજીભાઈ વિરમગામા મીટીંગમાં હાજર હતા અને તેણે આ કામના ફરીયાદી આલાભાઈ હીરાભાઈ લુવાર કે જેના પત્ની ધનીબેન કે જે ગ્રામ પંચાયતના ચુંટાયેલા સભ્ય હતા અને કારોબારીની મીટીંગમાં સભ્ય તરીકે હાજર રહેલ હતા અને તે મીટીંગમાં મીટીંગ પુરી થયા બાદ ઉપસરપંચ ગણેશભાઈ હરજીભાઈ વિરમગામા એ ચુંટાયેલા સદસ્ય ધનીબેનના પતિ આલાભાઈ હિરાભાઈ લુવાર પર હુમલો કરેલો અને કહેલું કે ગટરની ગ્રાંટ શુ કામે અટકાવે છે જેથી આ કામના ફરીયાદી અને ઈજા પામનારે કહેલ કે ગટરનું કામ નબળુ થયેલ છે જેથી મે સરકારમાં અરજી કરેલી છે તે કારણે આ કામના આરોપી ગણેશભાઈ હરજીભાઈ વિરમગામા ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદી ને ગાળો આપી અને તેને માર મારેલ હતો. જેથી ફરીયાદીને ગંભીર ઈજા થયેલી અને તેમણે અમરેલી સીવીલ હોસ્પીટલમાં સારવાર લીધેલી અને હોસ્પીટલમાંથી જ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ લખાવેલ હતી અને જે ફરીયાદ પોલીસે ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એકટની વિગતે ગંભીર પ્રકારનો ગુન્હો નોંધેલો.

આ બાબતની ફરીયાદ ફરીયાદીએ સીવીલ હોસ્પીટલમાંથી નોંધાવેલી અને ત્યારબાદ આ કામે એટ્રોસીટી એકટ મુજબનો ગુન્હો બનતો હોય ડી.વાય.એસ.પી.એ આ કામની ઝીણવટભરી તપાસ કરીને ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એકટ મુજબની વિગતે ચાર્જશીટ કરેલું હતું.

આ કામે બંને પક્ષકારો વચ્ચે જ્ઞાતિના તથા તાલુકાના આગેવાનોએ ખુબ મહેનત કરવા છતા સમાધાન થયેલ ન હોય આ બનાવ સમગ્ર વિસ્તારમાં ખુબ ચર્ચાસ્પદ બનેલ હતો અને આ કેસમાં ખુબ લાંબી કાનુની લડાઈ બંને પક્ષો તરફથી મજબુત રીતે લડવામાં આવેલી હતી.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે તથા ફરીયાદપક્ષે ફરીયાદી તથા તેમના સગા સબંધીઓએ જુબાની આપેલી હતી તથા ઈજા પામનારને સારવાર આપનાર ડોકટર, તાલુકા વિકાસ અધિકારી તથા પોલીસ અધિકારી તથા તપાસ કરનાર અધિકારીને આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ કામે આરોપી તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલા હતા અને આ કામે આરોપી પક્ષ તરફે કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓ ને એડી. સેશન્સ જજ એમ.એમ. પરમારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

## બીમાર ગાયોની સારવારનાં લાભાર્થે પ્રેરણાદાયી આયોજન કરાયું

# સાવરકુંડલા ખાતે નાવલી યુથ ફાઉન્ડેશન દ્વારા 'પીળા પંતગિયા શરદોત્સવ' યોજાયો

**ભવ્ય સ્ટેજ, ૫૦૦ ફૂટની એલઈડી સ્ક્રીન, લાઈવ ડી.જે., આધુનિક થ્રી-વે સાઉન્ડ સિસ્ટમે જમાવટ કરી**

**પરંપરાગત વસ્ત્રો પહેરીને રાસ-ગરબા રમતા ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા**

**રાજ્યમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા, ધારાસભ્ય મહેશ કસવાલા પણ જોડાયા**

**સમગ્ર પંથકનાં ખેલૈયાઓ, વિવિધ સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા**








સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરમાં ગુજરાતી સંસ્કૃતિ, પરંપરા અને ગરબાની ભવ્યતાને ઉજાગર કરવાના હેતુથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ નાવલી યુથ ફાઉન્ડેશન દ્વારા 'પીળા પતંગિયા શરદોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના ઊર્જા મંત્રી કેશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તથા અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શરદોત્સવને યાદગાર બનાવવા માટે આયોજકો દ્વારા આધુનિક ટેકનોલોજી, આકર્ષક સજાવટ, ભવ્ય સ્ટેજ અને વિશેષ સાઉન્ડ સિસ્ટમ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ, નગરજનો અને ગરબા પ્રેમીઓ જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સવમય બન્યું હતું.

'પીળા પતંગિયા શરદોત્સવ'માં ભવ્ય સ્ટેજ, ૫૦૦ ફૂટની એલઈડી સ્ક્રીન, અને લાઈવ ડી.જે. આધુનિક થ્રી-વે સાઉન્ડ સિસ્ટમ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આકર્ષક દશ્યાવલિ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી ગરબા સ્થળને વિશેષ રીતે સજાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, સાવરકુંડલામાં પ્રથમવાર ડયુઅલ ટોપ અને ડયુઅલ બેઝ લાઈનર ધરાવતી થ્રી-વે સાઉન્ડ સિસ્ટમ રજૂ કરવામાં આવી હતી. આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને લાઈટિંગની વ્યવસ્થાએ ગરબાના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સંગીતના તાલે ગરબા રમતા ખેલૈયાઓએ ઉત્સવનો આનંદ માણ્યો હતો.

નવરાત્રિ એ ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા અને આસ્થાનું પ્રતીક છે. ગરબો માત્ર નૃત્ય નથી, પરંતુ માતાજીની આરાધના સાથે જોડાયેલી ગુજરાતની આગવી સાંસ્કૃતિક ઓળખ છે. આ પરંપરાને જાળવી રાખવા અને નવી પેઢીને ગુજરાતી સંસ્કૃતિ સાથે જોડવાના હેતુથી નાવલી યુથ ફાઉન્ડેશન દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પરંપરાગત વસ્ત્રો પહેરીને ગરબા રમતા ખેલૈયાઓને તેમના પ્રદર્શનના આધારે ઈનામો આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ પહેલ દ્વારા ગુજરાતી પરંપરાગત પોશાક, લોકસંસ્કૃતિ અને ગરબાની કલાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આજના આધુનિક યુગમાં પણ આપણી પરંપરા અને સંસ્કૃતિનું ગૌરવ જળવાઈ રહે તથા યુવાનો પરંપરાગત પોશાક સાથે ગરબાની કળાને આગળ વધારે તેવા ઉમદા હેતુથી આ શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલૈયાઓને પોતાની કળા રજૂ કરવાની તક મળવાની સાથે સામૂહિક ઉત્સવની ભાવનાને પણ પ્રોત્સાહન મળ્યું હતું.

ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ નાવલી યુથ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા આ શરદોત્સવમાં આધુનિક સુવિધાઓ અને પરંપરાગત ગરબાનો સમન્વય જોવા મળ્યો હતો. આવા સાંસ્કૃતિક આયોજનો દ્વારા યુવાનોમાં પરંપરા પ્રત્યે ગૌરવ, સંગઠનભાવના અને ગુજરાતી લોકસંસ્કૃતિ પ્રત્યેનો લગાવ વધે તે દિશામાં પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવામાં નવરાત્રિ અને ગરબાનું વિશેષ મહત્વ છે. આવા આયોજનો નવી પેઢીને આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરા સાથે જોડવાનું ઉમદા કાર્ય કરે છે.

આ કાર્યક્રમની વિશેષતા એ છે કે બીમાર ગાયોની સારવાર જેવા સેવાકાર્યના લાભાર્થે તેનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવની સાથે ગૌસેવા અને જીવદયાની ભાવનાને જોડવાનો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે.

નાવલી યુથ ફાઉન્ડેશનના તમામ આયોજકોને આ ભવ્ય આયોજન બદલ અભિનંદન પાઠવું છું અને ગૌસેવા તથા સમાજ સેવાના આ ઉમદા કાર્યને સતત આગળ વધારવા શુભકામનાઓ આપું છું.

'પીળા પતંગિયા શરદોત્સવ' સાવરકુંડલાના ગરબાપ્રેમીઓ અને નગરજનો માટે સાંસ્કૃતિક ઉત્સાહ અને સામૂહિક આનંદનો અવસર બન્યો હતો.

આ પ્રસંગે અમરેલી જિલ્લા જાહેર બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ પાનસુરિયા, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરૂઢદ્ધસિંહ રાઠોડ, સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, લીલીયા તાલુકા ભાજપના આનંદભાઈ ધાનાણી, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડિયા તથા સાવરકુંડલા તાલુકા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી દક્ષાબેન મહીડા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત અમરેલી જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, નગરપાલિકાના સભ્યો, અમરેલી જિલ્લા તેમજ સાવરકુંડલા વિધાનસભા મતવિસ્તારના વિવિધ હોદ્દેદારો, કાર્યકરો, ખેલૈયાઓ અને મોટી સંખ્યામાં નગરજનો કાર્યક્રમમાં જોડાયા હતા.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com



પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
બાબરા • બગસરા • કુંકાવાવ • ધારી • વડીયા • દામનગર



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

### પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર દુષ્કાળગ્રસ્ત જાહેર

# ગુજરાત સરકારની મોટી જાહેરાત, ૪ જિલ્લાઓ દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા

### મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલ અને કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં એક મોટી જાહેરાત કરી

ગાંધીનગર, તા.૨૬

રાજ્યના ખેડૂતો અને નાગરિકોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેંદ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને અધિક મુખ્ય સચિવ જયંતી રવિની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી મોટી પત્રકાર પરિષદ દરમિયાન એક મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે ચાર મહત્વના જિલ્લાઓ – દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગરને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે.

પત્રકાર પરિષદમાં ગણતરીની મિનિટોમાં જ આ ઐતિહાસિક જાહેરાત કરતા મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે રાજ્ય સરકાર આ ચારેય જિલ્લાના ખેડૂતોની પડખે મક્કમતાથી ઊભી છે. દુષ્કાળના કારણે ખેડૂતોને થયેલા પાક નુકસાનના વળતર રૂપે SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ) અંતર્ગત વિશેષ સહાય આપવામાં આવશે. જેમાં ખેડૂતોને મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર ૮,૫૦૦ રૂપિયા લેખે નાણાકીય સહાય ચૂકવવામાં આવશે. આ સાથે જ આવતીકાલે પાણીના ગંભીર મુદ્દા પર ચાર રાજ્યોના મુખ્યમંત્રીની એક મહત્વપૂર્ણ બેઠક પણ યોજાનાર છે.

રાજ્યમાં ઓછા વરસાદને કારણે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગર એમ ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. આ ચારેય જિલ્લાઓમાં પાકના નુકસાન બદલ ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF) અંતર્ગત સહાય ચૂકવવામાં આવશે. ખેડૂતોને મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત, દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં પશુપાલકોને પશુદીઠ દૈનિક રૂ. ૮૦ની સહાય બે મહિના સુધી ચૂકવવામાં આવશે. આ સહાય SDRFના નિર્ધારિત માપદંડો અનુસાર આપવામાં આવશે.

મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧.૨૧ લાખ કરોડ ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે. દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોના લોકોને રોજગારી મળી રહે તે માટે જીરામજી અંતર્ગત ૧૫૦ દિવસની રોજગારી આપવામાં આવશે. ઓછા વરસાદને કારણે ખેતી અને પશુપાલન પર પડેલી અસરને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો અને પશુપાલકોને રાહત આપવા માટે આ પગલાં લેવામાં આવ્યાં છે.ચાલુ વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન હવામાનમાં અનેક મોટા ફેરફારો જોવા મળ્યા હતા. ખાસ કરીને આ વર્ષે મજબૂત અલ નીનો (El Nino) પ્રવાહની પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાવાને કારણે વરસાદના પ્રમાણમાં મોટો ઘટાડો નોંધાયો છે. ગુજરાત રાજ્યમાં એકંદરે ૧૦ ટકા વરસાદની ઘટ જોવા મળી છે. આ ઉપરાંત, ખેતી પર નભતા સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ સરેરાશ કરતા ૨૩ ટકા ઓછો વરસાદ વરસ્યો છે.જો આપણે રાજ્યના વિવિધ ઝોન પ્રમાણે વરસાદના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ, તો જળ-પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થાય છે:કચ્છ રીજિયનઃ આ વર્ષે સિઝનનો કુલ ૧૧.૩૫ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સિઝનના સરેરાશ વરસાદના ૫૭.૬૦ ટકા છે.ઉત્તર ગુજરાત ઝોનઃ અહીં ૨૦.૪૨ ઈંચ સાથે ૭૧.૦૪ ટકા વરસાદ પડ્યો છે.પૂર્વ-મધ્ય ગુજરાત ઝોનઃ આ વિસ્તારમાં સિઝનનો ૨૮.૯૧ ઈંચ વરસાદ ખાબક્યો છે, જે કુલ સરેરાશના ૮૯.૬૭ ટકા જેટલો છે.સૌરાષ્ટ્ર ઝોનઃ અહીં ૨૧.૪૩ ઈંચ સાથે સિઝનનો માત્ર ૭૧.૪૩ ટકા જ વરસાદ નોંધાયો છે. ગુજરાત રાજ્ય માટે આ આંકડાઓ એટલા માટે ચિંતાજનક છે, કારણ કે વર્ષ ૨૦૧૮ બાદ નોંધાયેલો આ સૌથી ઓછો વરસાદ છે. અગાઉ વર્ષ ૨૦૧૮ માં રાજ્યમાં સરેરાશ ૨૫.૧૦ ઈંચ સાથે સિઝનનો ૭૭ ટકા વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૮ વર્ષના ઈતિહાસમાં આટલી મોટી વરસાદની ખાધ ક્યારેય જોવા મળી ન હતી. રાજ્યમાં આ વર્ષે સરેરાશ ૮૯ ટકા જેટલો સારો વરસાદ નોંધાયો હોવા છતાં કેટલાક વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ અપેક્ષા કરતા ઓછું રહ્યું છે.

### રાહુલ ગાંધી સંપૂર્ણપણે સુરક્ષિત, અનેક ઘાયલ

# રાહુલ ગાંધીના કાફલાની ગાડીઓને નડ્યો અકસ્માત

### રાહુલ ગાંધી જ્યારે લખનૌથી સુલતાનપુર જઈ રહ્યા હતા, ત્યારે તેમના કાફલામાં સામેલ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો

સુલતાનપુર, તા.૨૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના કાફલાના વાહનો પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર સુલતાનપુર નજીક અકસ્માતનો ભોગ બન્યા. રાહુલ સોમવારે (૨૬ ઓક્ટોબર) લખનૌથી સુલતાનપુર જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમના કાફલાની ચાર ગાડીઓ અને એમ્બ્યુલન્સ એકબીજા સાથે અથડાઈ ગઈ. મહત્વની વાત એ છે કે રાહુલ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેઓ કોર્ટ પહોંચી ગયા છે. પરંતુ તેમની સાથેના કેટલાક કાર્યકરોને ઈજા પહોંચી છે. વાસ્તવમાં રાહુલ ગાંધી માનહાનિ કેસની સુનાવણી માટે લખનૌથી સુલતાનપુર જવા રવાના થયા હતા. તેમને કોર્ટમાં હાજર થવાનું હતું. તેમનો કાફલો સુલતાનપુરના હાલિયાપુર નજીક એક્સપ્રેસ વેના ૮૯.૫ માઈલસ્ટોન પર પહોંચ્યો ત્યારે જ અચાનક બ્રેક વાગવાને કારણે વાહનો એકબીજા સાથે અથડાઈ ગયા હતા. આ અકસ્માતમાં રાહુલ સાથે મુસાફરી કરી રહેલા લોકોને ઈજા પહોંચી છે. રાહુલ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેઓ સમયસર કોર્ટ પહોંચી પણ ગયા હતા. રાહુલ ગાંધીના સુલતાનપુર પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના સમર્થકોએ ફૂલ-હાર પહેરાવીને સ્વાગત કર્યું હતું. આ સાથે જ રાહુલ ગાંધીના નામના નારા પણ લગાવ્યા હતા. રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિશે કથિત રીતે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેના કારણે ૨૦૧૮ માં તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે દલીલો ૧૩ ઓક્ટોબરે પૂર્ણ થઈ ગઈ હતી, પરંતુ ચુકાદો આવવાનો હજુ બાકી છે. વાંધાજનક ટિપ્પણી કરવા બદલ રાહુલ વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

### જનજીવન પ્રભાવિત, શ્રદ્ધાળુઓ અડગ

# કડકડતી ઠંડી વચ્ચે ઉત્તરાખંડમાં હિમવર્ષાનો બીજો રાઉન્ડ શરૂ

### કેદારનાથ ધામમાં તાપમાન માઇનસ ૮ ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાતા કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે

દેહરાદુન, તા.૨૬

ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે, જેના કારણે રાજ્યમાં ઠંડીનો પ્રકોપ વધી ગયો છે. કેદારનાથ ધામમાં તાપમાન માઈનસ ૮ ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાતા કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના કુલ ૧૧ જિલ્લાઓ આ હિમવર્ષાથી પ્રભાવિત થયા છે, જેના લીધે સામાન્ય જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે.

તીવ્ર ઠંડીના કારણે અનેક વિસ્તારોમાં પાણીની પાઈપલાઈન પણ જામી ગઈ છે, જેનાથી સ્થાનિક લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.રુદ્રપ્રયાગ અને કેદારનાથ ધામમાં એક સપ્તાહની અંદર આ બીજી વખત હિમવર્ષા નોંધાઈ છે, જે પરિસ્થિતિને વધુ પડકારજનક બનાવી રહી છે. જોકે, આટલી હિમવર્ષા અને હાડ થીજાવતી ઠંડી છતાં પણ શ્રદ્ધાળુઓનું કેદારનાથ ધામમાં આગમન ચાલુ છે અને તેઓ ભગવાન શિવના દર્શન માટે પહોંચી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ ઠંડી અને હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે, જેના પગલે તંત્ર પણ સતર્ક બન્યું છે.

### ગૃહમંત્રી અમિત શાહ પર ટિપ્પણી અંગેનો મામલો

# ૨૦૧૮ના માનહાનિ કેસમાં રાહુલ ગાંધી નિર્દોષ જાહેર

### અદાલતે તમામ આરોપોમાંથી મુક્ત કર્યા, કોર્ટમાં હાજર રહી રાહુલ ગાંધીએ તેને સત્તા પક્ષનું ષડયંત્ર ગણાવ્યું

નવી દિલ્હી, તા.૨૬

ગૃહમંત્રી અમિત શાહ પરની ટિપ્પણીને લઈને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને મોટી રાહત મળી છે. સુલતાનપુરની એમપી-એમએલએ કોર્ટમાં ચાલી રહેલા ૨૦૧૮ના માનહાનિ કેસમાં સોમવારે તેમને નિર્દોષ મુક્ત કરવામાં આવ્યા છે. ચુકાદાના દિવસે કોર્ટની સુનાવણીને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધી વિશેષરૂપે સુલતાનપુર પહોંચ્યા હતા અને કોર્ટમાં હાજર રહ્યા હતા. મે ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન બેંગલુરુમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ ભાજપના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ અને વર્તમાન ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ ટિપ્પણી કરી હતી. આ નિવેદનને માનહાનિજનક ગણાવીને ભાજપના નેતા અને સુલતાનપુર જિલ્લા સહકારી બેંકના પૂર્વ અધ્યક્ષ વિજય મિશ્રાએ ૪ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ અરજી દાખલ કરી હતી. આ મામલો અગાઉ સિવિલ કોર્ટ અને ત્યારબાદ એમપી-એમએલએ કોર્ટમાં ચાલ્યો હતો.

કોર્ટે સુનાવણીના અંતે ૨૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ રાહુલ ગાંધીને આરોપી ગણી સમન્સ જારી કર્યું હતું. ત્યારબાદ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રાહુલ ગાંધી ખુદ સુલતાનપુર કોર્ટમાં હાજર થયા હતા, જ્યાં તેમને ૨૫-૨૫ હજારના બે બોન્ડ પર જામીન મળ્યા હતા. કોર્ટ સમક્ષ હાજર થયા દરમિયાન તેમણે તમામ આરોપો ફગાવી દીધા હતા અને તેને સત્તા પક્ષનું ષડયંત્ર ગણાવ્યું હતું.

ટ્રાયલ દરમિયાન અરજીકર્તા પક્ષ તરફથી વિજય મિશ્રા, અનિલ મિશ્રા અને રામચંદ દુબે એમ ત્રણ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત ફરિયાદીએ રાહુલ ગાંધીના અવાજના નમૂના (વોઈસ સેમ્પલ) મેળવવા માટે પણ અરજી કરી હતી, જેને ટ્રાયલ કોર્ટે ફગાવી દીધી હતી અને બાદમાં સેશન્સ કોર્ટ તથા અલ્હાબાદ હાઈકોર્ટે પણ આ માંગ ફગાવી દીધી હતી.વર્ષ ૨૦૧૮ની કર્ણાટક ચૂંટણી દરમિયાન બેંગલુરુમાં ચૂંટણી પ્રચાર વખતે રાહુલ ગાંધીએ અમિત શાહ વિરુદ્ધ કથિત રીતે વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. તે સમયે અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા. આ મામલે ૪ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ભાજપના નેતા અને ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ બેંકના પૂર્વ અધ્યક્ષ વિજય મિશ્રાએ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિની ફરિયાદ દાખલ કરી હતી. ૨૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ કોર્ટે રાહુલ ગાંધીને ટ્રાયલ માટે હાજર થવા સમન્સ પાઠવ્યું હતું.

### બંગાળની ખાડીમાં 'અર્નબ' વાવાઝોડાનું સંકટ

# ૧૪ રાજ્યોમાં તોફાની વરસાદનું રેડ અને ઓરેન્જ એલર્ટ જારી

### પહાડી વિસ્તારોમાં બરફવર્ષાથી દિલ્હી-યુપી સહિત ઉત્તર ભારતમાં તાપમાન ગગડ્યું : ગુલાબી ઠંડીનો પ્રારંભ

નવી દિલ્હી, તા. ૨૬

બંગાળની ખાડીમાં સર્જાયેલું ઊંડું દબાણ હવે વિધિવત રીતે તીવ્ર વાવાઝોડા 'અર્નબ' (Cyclone Arnab) માં પરિવર્તિત થઈ ચૂક્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના સત્તાવાર અહેવાલ મુજબ, આ વાવાઝોડું ઝડપથી ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે, જેના પ્રભાવ હેઠળ દેશના કુલ ૧૪ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તટીય વિસ્તારોમાં ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની તોફાની ગતિએ પવનો ફૂંકાઈ રહ્યા છે, જેની સીધી અને ગંભીર અસર ઓડિશા, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. સંભવિત આપત્તિને પહોંચી વળવા માટે વહીવટી તંત્ર દ્વારા NDRF અને SDRF ની ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે તથા માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવાની કડક સૂચના અપાઈ છે.વાવાઝોડાના પગલે દક્ષિણ અને પૂર્વ ભારતમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે તામિલનાડુ, કેરળ, પુડુચેરી, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદને લઈને 'રેડ એલર્ટ' જારી કર્યું છે, જ્યારે ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં 'ઓરેન્જ એલર્ટ' આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ઝારખંડ, બિહાર અને દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પણ ૨૬ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.એક તરફ દક્ષિણ ભારત વાવાઝોડા સામે ઝઝૂમી રહ્યું છે, તો બીજી તરફ ઉત્તર અને મધ્ય ભારતમાં ઋતુ બદલાતા ગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ગયો છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચા પહાડી વિસ્તારોમાં નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમવર્ષા શરૂ થઈ છે, જ્યાં તાપમાન શૂન્યની નજીક પહોંચી ગયું છે. પહાડોમાંથી ફૂંકાતા આ બર્ફીલા પવનોના કારણે દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં સવાર તથા સાંજ દરમિયાન ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે.

### સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુની આકરી ટીકા

# પીસ બોન્ડ પર સહી કરનાર નેતાઓનું કરિયર ખતમ

### 'આઈસા'ની વિદ્યાર્થી નેતા નેહા બોરાના સાહસની ખુલ્લેઆમ પ્રશંસા કરતા કાત્જુએ જણાવ્યું હતું કે નેહા પ્રત્યે તેમને પૂર્ણ માન છે

નવી દિલ્હી, તા. ૨૬

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુએ 'કોકરોચ જનતા પાર્ટી'ના ચાર અગ્રણી નેતાઓ દ્વારા પીસ બોન્ડ (શાંતિ બોન્ડ) પર સહી કરવાના નિર્ણય સામે અત્યંત આકરા પ્રહારો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે આ નિર્ણયથી આ નેતાઓનું રાજકીય કરિયર હંમેશ માટે પૂરું થઈ ગયું છે. બીજી તરફ, પીસ બોન્ડ પર સહી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરનાર 'આઈસા' (AISA) ની વિદ્યાર્થી નેતા નેહા બોરાના સાહસની ખુલ્લેઆમ પ્રશંસા કરતા કાત્જુએ જણાવ્યું હતું કે નેહા પ્રત્યે તેમને પૂર્ણ માન છે.

માર્કંડેય કાત્જુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે કોકરોચ જનતા પાર્ટીના ચાર ટોચના નેતાઓ અભિજિત દીપકે, સૌરભ દાસ, આશુતોષ રાંકા અને અજિંક્ય શિંદેએ પીસ બોન્ડ પર સહી કરી દીધી છે. આનો અર્થ એ થાય કે તેઓ હવે ભવિષ્યમાં કોઈપણ જાહેર વિરોધ પ્રદર્શનમાં ભાગ લઈ શકશે નહીં, કારણ કે જો તેઓ ભાગ લેશે તો પોલીસ શાંતિ ભંગ કરવાના આરોપસર તેમની ધરપકડ કરીને લાંબા સમય માટે જેલમાં મોકલી દેશે. આ બોન્ડ પર સહી કરવાથી જનતાની નજરમાં તેમની તમામ વિશ્વસનીયતા સમાપ્ત થઈ ગઈ છે, કારણ કે હવે જનતા તેમને જેલ જવાથી ડરતા કાયર ગણી રહી છે.

કાત્જુએ આઈસા નેતા નેહા બોરાના વખાણ કરતા જણાવ્યું હતું કે તેઓ માત્ર નેહા બોરાની ઈજ્જત કરે છે, જેમણે પીસ બોન્ડ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે, કારણ કે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરવો એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. કાત્જુએ અભિજિત દીપકે અને અન્ય ત્રણ નેતાઓને ગેંગ ઓફ ફોર ગણાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં એક વિશેષ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (SEM) સમક્ષ સીજીપી નેતા સૌરભ દાસ અને આશુતોષ રાંકાએ શાંતિ ભંગ ન કરવા અને જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનનું આહ્વાન ન કરવા અંગેનું સોગંદનામું આપ્યું હતું. બંનેને ૫૦-૫૦ હજાર રૂપિયાના અંગત બોન્ડ અને જામીનદાર રજૂ કરવાનો આદેશ અપાયા બાદ એસીપી રિતુ રાજના આદેશથી તિહાડ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

### સોનાના ભાવમાં રેકોર્ડ તોડ ઘટાડો

# સર્વોચ્ચ સપાટીથી રૂપિયા ૩૮,૬૦૦ થી વધુ તૂટ્યું સોનું

### મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોનું ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૪૨,૦૨૪ ના સ્તરે પહોંચ્યું હતું

નવી દિલ્હી, તા. ૨૬

જો તમે દિવાળીના પર્વ નિમિત્તે સોનામાં રોકાણ કરવાનું કે ઘરેણાં ખરીદવાનું વિચારી રહ્યા હોવ, તો બજારમાંથી એક અત્યંત મહત્ત્વના અને રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોનાના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે સોનું તેની અગાઉની રેકોર્ડ ઊંચી સપાટીથી રૂ. ૩૮,૬૦૦ થી પણ વધુ નીચે આવી ગયું છે. આ ભારે ઘટાડાને પગલે રોકાણકારો અને સામાન્ય ગ્રાહકોમાં આશ્ચર્યની સાથે-સાથે સવાલો ઊભા થઈ રહ્યા છે કે આખરે આટલો મોટો ઘટાડો શા માટે થયો છે અને આગામી દિવાળી સુધીમાં ભાવમાં શું વલણ રહી શકે છે.બજારના વિશેષજ્ઞોના જણાવ્યા અનુસાર, સોનાના ભાવ પર આંતરરાષ્ટ્રીય બજારની અસ્થિરતા, અમેરિકન ડૉલરની મજબૂતી, વ્યાજદરો અંગેની બદલાતી અપેક્ષાઓ અને ક્રૂડ ઓઈલના ભાવોની સીધી અસર પડે છે. આ ઉપરાંત, અગાઉ સોનામાં રેકોર્ડ તેજી આવ્યા બાદ રોકાણકારો દ્વારા મોટા પાયે પ્રોફિટ બુકિંગ (નફાવસૂલી) કરવામાં આવતા પણ સોનાના બજાર પર ભારે વેચવાલીનું દબાણ વધ્યું છે. અમેરિકન ડૉલર મજબૂત થવાથી વૈશ્વિક સ્તરે સોનું મોંઘું બન્યું છે.

આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો, MCX પર ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૮૦,૭૭૯ ની સર્વોચ્ચ ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો હતો. ત્યારબાદ તાજેતરના ટ્રેડિંગ સેશનમાં સોનાનો વાયદો (ગોલ્ડ ફ્યુચર્સ) ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૪૨,૦૨૪ના સ્તરે આવી ગયો છે. આમ, સોનું તેની રેકોર્ડ ઉંચાઈથી આશરે ૨૧.૪૩ ટકા એટલે કે રૂ. ૩૮,૭૫૫ જેટલું સસ્તું થઈ ચૂક્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોનું પ્રતિ ઔંસ ૪,૦૦૦ ડૉલરના મહત્ત્વના સ્તરથી નીચે સરકી ગયું છે.

દિવાળી ૨૦૨૬ પહેલાં સોનાના ભાવમાં ફરી વધારો થશે કે કેમ તે અંગે નિષ્ણાતોનું માનવું છે કે સ્ઝઠ પર પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૪૦,૦૦૦ નું સ્તર સોના માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સપોર્ટ સાબિત થઈ શકે છે. જો ભાવ આ સ્તરની ઉપર ટકી રહેશે તો દિવાળી પહેલાં તેમાં સુધારો જોવા મળી શકે છે અને ભાવ રૂ. ૧,૪૮,૦૦૦ થી રૂ. ૧,૫૨,૦૦૦ સુધી જઈ શકે છે, જ્યારે આ સ્તર તૂટવાથી ભાવ વધુ ઘટીને રૂ. ૧,૩૬,૦૦૦ સુધી પણ પહોંચવાની શક્યતા નકારી શકાતી નથી.

### વૈભવ સૂર્યવંશીના નાના ભાઈ આશીર્વાદનો કમાલ

પટના, તા. ૨૬

ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર વૈભવ સૂર્યવંશી બાદ હવે તેમના નાના ભાઈ આશીર્વાદ સૂર્યવંશીએ પણ ક્રિકેટ જગતમાં પોતાની પ્રતિભાના જોરે ચર્ચા જગાવી છે. રવિવારે (૨૫ ઓક્ટોબર) રમાયેલી એક સ્થાનિક પ્રેક્ટિસ મેચમાં આશીર્વાદે બેટથી ગદર મચાવતા વિરોધી બોલરોની ધોલાઈ કરી હતી. તેમણે માત્ર ૮૭ બોલમાં અણનમ ૧૦૭ રનની શાનદાર અને વિસ્ફોટક શતકીય ઈનિંગ રમી હતી. આ તોફાની ઈનિંગ દરમિયાન તેમણે ૧૪ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા હતા અને પોતાની ટીમને ૨ વિકેટે રોમાંચક વિજય અપાવવામાં અગ્રેસર ભૂમિકા ભજવી હતી. ખાસ વાત એ છે કે આશીર્વાદ સૂર્યવંશીએ તાજેતરમાં જ ક્રિકેટની ઔપચારિક ટ્રેનિંગ શરૂ કરી છે અને ૧ વર્ષથી પણ ઓછા સમયના અભ્યાસ છતાં આવું પ્રભુત્વશાળી પ્રદર્શન કરવું તેમની સહજ પ્રતિભા અને ક્રિકેટ પ્રત્યેની લગન દર્શાવે છે. જ્યાં તેમના મોટા ભાઈ વૈભવ સૂર્યવંશી ડાબા હાથના ઓપનિંગ બેટ્સમેન છે, ત્યાં બીજી તરફ આશીર્વાદ જમણા હાથના બેટ્સમેન હોવાની સાથે જમણા હાથથી મિડિયમ પેસ બોલિંગ પણ કરે છે અને તે પોતાને એક ઉત્તમ ઓલરાઉન્ડર તરીકે ઘડી રહ્યા છે. આ શાનદાર પ્રદર્શન બાદ આશીર્વાદના પિતા સંજીવ સૂર્યવંશીએ મેચનું સ્કોરકાર્ડ સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું, જ્યારે તેમના બીજા ભાઈ ઉજ્જ્વલ સૂર્યવંશીએ આ યાદગાર મેચનો વીડિયો પોસ્ટ કર્યો હતો. હાલમાં વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમ સાથે ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે, ત્યારે તેમના પરિવારમાંથી જ વધુ એક પ્રતિભાશાળી યુવા ક્રિકેટર ઉભરી રહ્યો છે જેને લઈને સ્થાનિક ક્રિકેટ વર્તુળોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### અરુણાચલ સરહદે તણાવ મુદ્દે ચીનનું મોટું નિવેદન

# 'આશા છે કે ભારત પણ શાંતિ જાળવશે': ચીન

### ITBPના ડીજીના ઘર્ષણ અંગેના નિવેદન બાદ ચીને રાજદ્વારી વાતચીતના દરવાજા ખુલ્લા રાખવાની કરી વાત

નવી દિલ્હી, તા. ૨૬

ભારત-ચીન સરહદ પર ચાલી રહેલા તણાવ અને તાજેતરના ઘર્ષણ વચ્ચે ચીન તરફથી એક મહત્વપૂર્ણ પ્રતિક્રિયા સામે આવી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને સોમવારે જણાવ્યું હતું કે તેમના સૈનિકો સરહદ પર સામાન્ય અને નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા છે. ચીને દાવો કર્યો છે કે તે તમામ સરહદી નિયમો અને સમજૂતીઓનું ચુસ્તપણે પાલન કરી રહ્યું છે અને ભારત પાસેથી પણ તેવી જ અપેક્ષા રાખે છે.

ઉલ્લેખનીય છે કે, ITBPના ડીજી શત્રુજીત કપૂરે અરુણાચલ પ્રદેશ સરહદે બંને દેશોના સૈનિકો વચ્ચે ઘણી વખત આમને-સામને ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હોવા અંગેનું નિવેદન આપ્યું હતું, ત્યારબાદ આ મુદ્દે રાજકીય ચર્ચાએ જોર પકડ્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે તેમની સેના નિર્ધારિત માર્ગદર્શિકા હેઠળ જ પેટ્રોલિંગ કરી રહી છે અને પ્રાદેશિક સાર્વભૌમત્વ તથા સ્થિરતા જાળવવા માટે આ વ્યવસ્થા જરૂરી છે. આ સાથે ચીને એવું પણ જણાવ્યું કે ભારત સાથે રાજદ્વારી વાતચીતના દરવાજા હંમેશાં ખુલ્લા રહેશે અને અપેક્ષા રાખી કે ભારત પણ સરહદી વિસ્તારોમાં શાંતિ તથા સ્થિરતા જાળવવા માટે સકારાત્મક પગલાં ભરશે.

### વીજકાપ સામે ઉદ્યોગજગતનો અવાજ બુલંદ

# ગુજરાતના ઉદ્યોગોને વીજકાપમાંથી મુક્તિ આપવા GRCCIની રાજ્ય સરકારને અપીલ

### સોલાર-વિન્ડ એનર્જીની નીતિગત વિસંગતતાઓ દૂર કરવા અને મિનિમમ ચાર્જ અંગે પુનર્વિચારણા કરવા માગ

રાજકોટ, તા.૨૬

ગુજરાતમાં વીજકાપની જાહેરાત કરવામાં આવતા રાજ્યભરના ઉદ્યોગજગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ઔદ્યોગિક કામગીરી ખોરવાવાની સાથે નિકાસના ઓર્ડર સમયસર પૂરા કરવામાં ગંભીર મુશ્કેલીઓ ઊભી થવાની અને શ્રમિકોની રોજગારી પર પ્રતિકૂળ અસર પડવાની આશંકા વ્યક્ત કરતાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (GRCCI) દ્વારા રાજ્ય સરકાર સમક્ષ ઉદ્યોગોને વીજકાપમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બરે વીજ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા જટિલ મુદ્દાઓની સમીક્ષા કરવાની સાથે સોલાર અને વિન્ડ એનર્જીનો ઉદ્યોગોને મહત્તમ લાભ મળે તે માટે પ્રવર્તમાન જોગવાઈઓમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવાની પણ ઉગ્ર માગ કરી છે.

ચેમ્બર દ્વારા સરકારને પાઠવવામાં આવેલા વિગતવાર પત્રમાં જણાવાયું છે કે ગુજરાત દેશના અગ્રણી નિકાસકાર રાજ્યોમાં સ્થાન ધરાવે છે. આવી સ્થિતિમાં નિકાસલક્ષી ઔદ્યોગિક એકમો અને તેને પૂરક સેવાઓ પૂરી પાડતી ચેઈનની કામગીરી વીજકાપને કારણે ખોરવાય તો સમગ્ર ઉત્પાદન ચક્ર પ્રભાવિત થઈ શકે છે. પરિણામે વિદેશી ખરીદદારોને સમયસર માલ પહોંચાડવામાં વિલંબ થાય અને આંતરરાષ્ટ્રીય બજારમાં ગુજરાતના ઉદ્યોગોની વિશ્વસનીયતા જોખમાઈ શકે છે.GRCCIના મતે, જો સ્થાનિક ઉદ્યોગો સમયમર્યાદામાં માલ પૂરો પાડી ન શકે તો વિદેશી આયાતકારો અન્ય રાજ્યો કે દેશોના સપ્લાયરો તરફ વળી શકે છે, જે લાંબા ગાળે રાજ્યમાં આવતી વિદેશી હુંડિયામણની કમાણી પર પણ માઠી અસર કરી શકે છે.

વીજકાપની આ વિપરીત અસર માત્ર મોટા ઉત્પાદન એકમો પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ મશીનરી આધારિત ઉત્પાદન, પેકેજિંગ અને પરિવહન ક્ષેત્રને પણ ભારે નુકસાન પહોંચાડશે. ખાસ કરીને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) માટે ઉત્પાદન અટકવાની સ્થિતિ આર્થિક સંકટ સર્જી શકે છે. આ ઉપરાંત, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ બંધ પડવાથી કામદારોની રોજગારી અને સરકારી તિજોરીને મળતા કરવેરા પર પણ સીધી અસર થશે. ચેમ્બરે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉદ્યોગો દ્વારા કરવામાં આવેલા રોકાણ અને તેના વળતર મુદ્દે પણ ધ્યાન દોર્યું છે. એક તરફ ઉદ્યોગો વીજળીના અભાવે ઉત્પાદન ગુમાવે છે અને બીજી તરફ વીજકાપના સમયગાળા દરમિયાન પણ તેમને મિનિમમ ચાર્જ ચૂકવવો પડે છે, જે ઉદ્યોગકારો પર બેવડો આર્થિક બોજ વધારે છે.

અંતમાં, GRCCIએ સરકારને અપીલ કરી છે કે પુનઃપ્રાપ્ય ઊર્જાની નીતિ ઘડતી વખતે માત્ર વીજ ઉત્પાદન વધારવાને બદલે ઉદ્યોગકારોના રોકાણ પર યોગ્ય વળતર, ઉત્પાદિત વીજળીનો કાર્યક્ષમ ઉપયોગ અને ગ્રીડ વ્યવસ્થાપનને પ્રાધાન્ય આપવામાં આવે. તેમજ હાલના વીજકાપમાંથી ઉદ્યોગોને મુક્તિ આપીને આ અંગે ઉદ્યોગકારો સાથે રૂબરૂ બેઠક યોજવામાં આવે તેવી હાર્દિક અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

### દિવાળી ટાણે અમરેલીના બજારોમાં સન્નાટો

# સાવરકુંડલાના ટાવર રોડ સહિતના બજારોમાં ગ્રાહકોની પાંખી હાજરી

## ૩૦૦થી ૪૦૦ રોજ કમાતા પરિવારો માટે તહેવારની ખરીદી મુશ્કેલ; ધંધામાં મંદી વચ્ચે નાના વેપારીઓએ સરકાર પાસે રાહતની માગ કરી

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સામાન્ય રીતે ગ્રાહકોથી ઊભરાતાં બજારોમાં આ વર્ષે નિરાશાજનક ચિત્ર જોવા મળી રહ્યું છે. દિવાળી પહેલાં બજારોમાં ખરીદીની ભીડ જોવા મળતી હોય છે, પરંતુ આ વખતે અમરેલી અને સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં ગ્રાહકોની ઓછી અવરજવરને કારણે નાના વેપારીઓ ચિંતામાં મુકાયા છે. વરસાદની અછતથી ખેતીના ઉત્પાદન પર પડેલી અસર, ખેડૂતોની નબળી આર્થિક સ્થિતિ અને વધતી મોંઘવારીને આ મંદીનાં મુખ્ય કારણો ગણાવવામાં આવી રહ્યાં છે. અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી આધારિત હોવાથી અહીંના બજારોની રોનક ખેડૂતોની આવક સાથે જોડાયેલી છે. ખેડૂતોને સારો પાક અને યોગ્ય ભાવ મળે ત્યારે તહેવારો દરમિયાન ખરીદીમાં વધારો જોવા મળે છે. જોકે, આ વર્ષે વરસાદની અછતને કારણે ખેતીના ઉત્પાદન પર અસર પડી હોવાના અહેવાલ છે.

સાવરકુંડલાના ટાવર રોડ જેવા મુખ્ય બજાર વિસ્તારોમાં પણ સામાન્ય દિવસોની સરખામણીએ ગ્રાહકોની ઓછી અવરજવર જોવા મળી રહી છે. કાપડ, પ્લાસ્ટિક, ફર્નિચર અને ઘરની સજાવટની વસ્તુઓ વેચતા વેપારીઓ તહેવારની સિઝનમાં સારો વેપાર થવાની આશા રાખીને બેઠા હતા. પરંતુ અપેક્ષા મુજબ ગ્રાહકો ન આવતાં તેમની ચિંતા વધી છે.

ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની આવક સ્થાનિક વેપાર માટે મહત્ત્વપૂર્ણ હોય છે. ખેતીમાં ઉત્પાદન ઓછું થાય અથવા પાકના યોગ્ય ભાવ ન મળે તો તેની સીધી અસર ઘરખર્ચ અને તહેવારોની ખરીદી પર પડી શકે છે. આ વર્ષે વરસાદની અછતને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ પર અસર થઈ હોવાનો અહેવાલ છે. તેના કારણે કપડાં, રમકડાં, ફર્નિચર અને અન્ય ચીજવસ્તુઓની ખરીદીમાં ઘટાડો જોવા મળી રહ્યો હોવાનું સ્થાનિક વેપારીઓ જણાવી રહ્યા છે. સ્થાનિક વેપારી ઈરફાન કુરેશીના જણાવ્યા અનુસાર, વધતી મોંઘવારીને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે દિવાળીની ઉજવણી કરવી મુશ્કેલ બની રહી છે. રોજના૩૦૦થી ૪૦૦ કમાતા શ્રમિક પરિવારો માટે બાળકોને નવાં કપડાં અને રમકડાં અપાવવાનું પણ મોટો ખર્ચ બની ગયો છે. તહેવાર દરમિયાન ખરીદી વધવાને બદલે લોકો જરૂરી ચીજવસ્તુઓ પૂરતી ખરીદી કરી રહ્યા હોવાનું વેપારીઓનું કહેવું છે. પરિણામે, અનેક દુકાનોમાં દિવસભર ગ્રાહકોની રાહ જોવી પડી રહી છે.

નાના વેપારીઓ માટે ગ્રાહકોની ઓછી સંખ્યા ઉપરાંત દુકાનનું ભાડું, કર્મચારીઓનો ખર્ચ અને અન્ય વ્યવસાયિક ખર્ચ પણ ચિંતાનો વિષય બન્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ, મંદી અને વિવિધ ખર્ચ વચ્ચે ધંધો ચલાવવો મુશ્કેલ બની રહ્યો છે. દર વર્ષે સુરત સહિતના મોટા શહેરોમાંથી દિવાળી દરમિયાન વતન આવતા લોકોની સંખ્યા પણ આ વખતે અપેક્ષા કરતાં ઓછી હોવાની વાત સ્થાનિક વેપારીઓએ જણાવી છે. આ પરિબળને પણ બજારોમાં ઓછી ચહલપહલ સાથે જોડવામાં આવી રહ્યું છે. દિવાળીના તહેવારમાં વેપાર વધે અને બજારોમાં ફરી રોનક જોવા મળે તેવી આશા વેપારીઓ રાખી રહ્યા છે. સાથે જ નાના વેપારીઓએ સરકારનું ધ્યાન પોતાની આર્થિક મુશ્કેલીઓ તરફ દોર્યું છે. વેપારીઓનું કહેવું છે કે જો લાંબા સમય સુધી આવી જ મંદી રહેશે તો કેટલાક નાના ધંધાર્થીઓને વ્યવસાય ચાલુ રાખવામાં મુશ્કેલી પડી શકે છે.

### મૃતદેહ વતન લાવવા પરિવારની કેન્દ્ર સરકારને મદદની અપીલ

# કેનેડામાં ગાંધીનગરના યુવકનું અકસ્માતમાં મોત

## પાંચ વર્ષથી કેનેડામાં અભ્યાસ કરતા હિરેનનું ૧૮ ઓક્ટોબરે અકસ્માતમાં મોત થયું, એક સપ્તાહ બાદ પણ મૃતદેહ વતન ન પહોંચ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના દશેલા ગામના વતની અને છેલ્લા પાંચ વર્ષથી અભ્યાસ અર્થે કેનેડા ગયેલા યુવકનું માર્ગ અકસ્માતમાં મોત થતાં પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. આ અકસ્માતમાં હિરેન સહિત કુલ ચાર લોકોનાં મોત થયા હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, ઘટનાને એક સપ્તાહ જેટલો સમય થવા આવ્યો હોવા છતાં યુવાનનો મૃતદેહ વતન લાવી શકાયો નથી.ગાંધીનગર તાલુકાના દશેલા ગામનો હિરેન બાબુ આસોડિયા છેલ્લા પાંચ વર્ષથી કેનેડામાં રહીને અભ્યાસ કરી રહ્યો હતો. દરમિયાન ગત ૧૮ ઓક્ટોબરના રોજ કેનેડામાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં તેનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં અન્ય ત્રણ લોકોનાં પણ જીવ ગયા હતા.

એકસાથે ચાર લોકોનાં મોતની ઘટનાથી તેના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. પુત્રના મોતના સમાચાર મળ્યા બાદથી દશેલા ગામમાં રહેતા હિરેનના પરિવારજનો માટે આ સમય મુશ્કેલ બની રહ્યો છે. એક તરફ યુવાન પુત્ર ગુમાવવાનું દુ:ખ છે, તો બીજી તરફ અંતિમ દર્શન માટે તેના મૃતદેહને વતન લાવવાની રાહ જોવી પડી રહી છે.અકસ્માતને એક સપ્તાહ જેટલો સમય વીતી ગયો હોવા છતાં મૃતદેહ ભારત ન પહોંચતાં પરિવારની ચિંતા સતત વધી રહી છે. હિરેનના પિતા બાબુ આસોડિયાએ જણાવ્યું હતું કે, પુત્ર છેલ્લા પાંચ વર્ષથી કેનેડામાં અભ્યાસ કરતો હતો. ૧૮ ઓક્ટોબરના રોજ માર્ગ અકસ્માતમાં તેનું અવસાન થયું હતું. આ ઘટનાને પગલે પરિવારજનો ભારે આઘાતમાં છે. કેનેડા સરકાર દ્વારા અકસ્માત અંગે તપાસ ચાલી રહી હોવાનું જણાવવામાં આવી રહી છે, પરંતુ પુત્રનો મૃતદેહ વતન ક્યારે પહોંચશે તે અંગેની અનિશ્ચિતતાના કારણે પરિવારજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.બાબુ આસોડિયા કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે, કેનેડા સરકાર સાથે તાત્કાલિક વાતચીત કરવામાં આવે અને જરૂરી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાવી તેમના પુત્રનો મૃતદેહ વતન લાવવા માટે સહયોગ આપવામાં આવે. પરિવાર પોતાના પુત્રના અંતિમ દર્શન કરી શકે અને વતનમાં તેની અંતિમવિધિ કરી શકે તે માટે સરકાર મદદ કરે તેવી તેમની લાગણીસભર માંગ છે.

### પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હીરપરાના અધ્યક્ષસ્થાને

# બાબરાના સુખપુર ગામે 'મન કી બાત' પ્રાકૃતિક કૃષિ કે સાથ કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો ઉપસ્થિતિ રહ્યાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૨૬

બાબરા તાલુકાના સુખપુર ગામે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતિ લાવવાના ઉમદા આશય સાથે 'મન કી બાત - પ્રાકૃતિક કૃષિ કે સાથ...' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ કિસાન મોરચાના હિરેનભાઈ હીરપરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપ કિસાન મોરચાના હોદ્દેદારો, વિવિધ મંડળોના પ્રમુખો, જિલ્લા પંચાયતના સભ્ય સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક ખેતી એ જમીનની ફળદ્રુપતા જાળવવા, પર્યાવરણનું સંરક્ષણ કરવા તેમજ ખેતીના ખર્ચમાં ઘટાડો કરીને ખેડૂતોની આવક વધારવાની દિશામાં મહત્વપૂર્ણ માર્ગ છે. ખેડૂતો પરંપરાગત ખેતી પદ્ધતિઓ સાથે પ્રાકૃતિક કૃષિ અપનાવીને ખેતીને વધુ ટકાઉ અને સમૃદ્ધ બનાવી શકે તેવા હેતુ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, પ્રભારી બાબુભાઈ જોળીયા, મહામંત્રી રણજીતભાઈ વાળા, ઉપપ્રમુખ સવજીભાઈ બાંભવા, તેમજ મંડળ પ્રમુખો સુરેશભાઈ દેસાઈ,ચંદુભાઈ સાવલિયા અને નિકુંજ કોટડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લલિતભાઈ આંબલિયા, જિલ્લા પંચાયતના સભ્ય હિતેષભાઈ કલકાણી,મહેશભાઈ, અશોકભાઈ,કરશનભાઈ જાપડિયા, વનાભાઈ જાપડિયા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધે ગુજરાતનો ખેડૂત અને સમૃદ્ધ બને ખેતી ક્ષેત્ર એવા હકારાત્મક અભિગમ સાથે યોજાયેલા આ કાર્યક્રમથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### અમદાવાદમાં તાપમાન ૨૦ ડિગ્રી સુધી ગગડવાની આગાહી

# ગુજરાતમાં બેવડી ઋતુનો અનુભવ: વહેલી સવારે ઠંડક અને બપોરે ગરમીથી લોકો પરેશાન

## ડાંગમાં સિઝનનું સૌથી ઓછું ૧૯.૧ ડિગ્રી તાપમાન નોંધાયું; નલિયા સહિતના વિસ્તારોમાં આગામી સમયમાં પારો ૮ ડિગ્રીથી નીચે જવાની શક્યતા

અમદાવાદ,તા.૨૬

ગુજરાતમાં હવે ધીમે ધીમે ઠંડીની શરૂઆત થઈ રહી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં મોડી રાતથી વહેલી સવાર સુધી ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયે ગરમી લોકોને પરેશાન કરી રહી છે. એક જ દિવસમાં બેવડી ઋતુનો અનુભવ થતાં લોકોના દૈનિક જીવન પર પણ તેની અસર જોવા મળી રહી છે. હવામાનમાં થઈ રહેલા ફેરફારો વચ્ચે આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પ્રાપ્ત હવામાન અહેવાલ અનુસાર, ૨૬ ઓક્ટોબરે ડાંગમાં લઘુત્તમ તાપમાન ૧૯.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સાથે ડાંગ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર બન્યો હતો. બીજી તરફ, રાજ્યના કેટલાક શહેરોમાં લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રીની આસપાસ રહેતાં મોડી રાતથી વહેલી સવાર સુધી ઠંડકનો અનુભવ થયો હતો. છેલ્લા કેટલાક દિવસોથી દિવસ અને રાત્રિના તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને ખુલ્લા વિસ્તારોમાં વહેલી સવારે ઠંડીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે.

અમદાવાદના હવામાન અંગે મળેલી માહિતી મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન શહેરનું લઘુત્તમ તાપમાન ઘટીને આશરે ૨૦ ડિગ્રી સેલ્સિયસ થવાની આગાહી કરવામાં આવી છે. જોકે, બપોરના સમયે મહત્તમ તાપમાન ઊંચું રહેતાં ગરમીનો અનુભવ થઈ શકે છે. આવી સ્થિતિમાં વહેલી સવારે ઠંડક અને બપોરે ગરમી એમ બંને પ્રકારના હવામાનનો અનુભવ થવાની શક્યતા છે. ખાસ કરીને વહેલી સવારે બહાર નીકળતા લોકો અને રાત્રે મોડે મુસાફરી કરતા લોકોને ઠંડક વધુ અનુભવાઈ શકે છે.

હવામાન વિભાગના સૂત્રોને ટાંકીને પ્રસિદ્ધ થયેલા અહેવાલ અનુસાર, આગામી એક સપ્તાહ સુધી રાજ્યમાં ગુલાબી ઠંડીનો માહોલ રહેવાની શક્યતા છે. ત્યારબાદ ઠંડીનું પ્રમાણ વધે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આગામી ઠંડીની સિઝનમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે જઈ શકે છે. ખાસ કરીને કચ્છના નલિયા સહિતના ઠંડા વિસ્તારોમાં તાપમાન ૮ ડિગ્રીથી પણ નીચે પહોંચવાની શક્યતા અહેવાલમાં દર્શાવવામાં આવી છે. જોકે, આ આગાહી છે અને વાસ્તવિક તાપમાન હવામાનની સ્થિતિ પ્રમાણે બદલાઈ શકે છે.

સવારે ઠંડી અને બપોરે ગરમીના કારણે લોકોને તાપમાનના ફેરફાર સાથે અનુકૂળ થવું પડે છે. આવા સમયે પૂરતું પાણી પીવું, હવામાન પ્રમાણે કપડાં પહેરવાં અને આરામનું ધ્યાન રાખવું ઉપયોગી છે. શરદી, ઉધરસ કે તાવ જેવા લક્ષણો જણાય તો જરૂરી કાળજી લેવી જોઈએ.

### કમાણી છુપાવી કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ: કોર્ટ

# પત્ની સ્વનિર્ભર હોવાથી ભરણ-પોષણમાં વધારો નહીં: ફેમિલી કોર્ટ

## પત્નીએ નોકરી અને કમાણીની હકીકત છુપાવી ભરણપોષણ વધારવા કરેલી અરજી કોર્ટે નામંજૂર કરી

અમદાવાદ, તા.૨૬

શહેરની ફેમિલી કોર્ટે પત્ની દ્વારા ભરણપોષણમાં વધારો મેળવવા માટે દાખલ કરવામાં આવેલી અરજી અંગે એક મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે પતિની આવકનો વધારો હોવા છતાં પત્ની પ્રાઈવેટ હોસ્પિટલમાં નોકરી કરીને માસિક રૂ. ૧૦,૦૦૦થી વધુની આવક મેળવે છે, પરંતુ આ હકીકત તેણે કોર્ટ સમક્ષ જાણીજોઈને છુપાવી હતી. જેથી પત્ની પોતાની કમાણી અને અગાઉ નક્કી થયેલા ભરણપોષણની રકમથી પોતાનું ગુજરાન ચલાવી શકે તેમ હોઈ, ભરણપોષણની રકમ વધારો કરી શકાય નહીં. અરજદાર પત્ની મીનાબહેને પોતાના પતિ મોહિતભાઈ (ઓળખ છુપાવા નામ બદલ્યાં છે)વિરુદ્ધ સી.આર.પી.સી. ની કલમ ૧૨૭ મુજબ ભરણપોષણની રકમ વધારવા અરજી કરી હતી. જેમાં રજૂઆત કરી હતી કે, વર્ષ ૨૦૧૩માં અદાલતે પતિને માસિક રૂ. ૩,૫૦૦ ભરણપોષણ ચૂકવવાનો હુકમ કર્યો હતો. ૨૦૧૩ની સરખામણીએ હાલ મોંઘવારીમાં ખૂબ જ વધારો થયો છે. પતિ જનરલ પોસ્ટ ઓફિસ માં ગવર્નમેન્ટ કર્મચારી તરીકે સેન્ટ્રલ ગવર્નમેન્ટમાં નોકરી કરે છે અને સાતમા પગારપંચનો લાભ મેળવીને માસિક રૂ. ૫૦,૦૦૦ થી વધુ કમાય છે. આ ઉપરાંત, પત્નીને બીપીની બીમારી હોય અને દવાઓનો મોંઘો ખર્ચ થતો હોય, અગાઉ મંજૂર થયેલ રૂ. ૩,૫૦૦ માં વધારો કરી માસિક રૂ. ૧૫,૦૦૦ ભરણપોષણ પેટે આપવા માંગ કરી હતી. સામાવાળા પતિ તરફે એડવોકેટ આશા સાધુએ કોર્ટમાં લેખિત જવાબ રજૂ કરીને પત્નીના દાવાનો સખત વિરોધ કર્યો હતો. પતિ તરફે દલીલ કરવામાં આવી હતી કે પત્ની ૨૦૧૯થી સિવિલ કેન્સર હોસ્પિટલ ખાતે 'રાજદીપ એન્ટરપ્રાઈઝ' મારફતે વોર્ડબોય તરીકે નોકરી કરે છે અને માસિક રૂ. ૧૦,૦૦૦થી વધુનો પગાર મેળવી આર્થિક રીતે સ્વનિર્ભર છે. પત્નીએ કોર્ટ સમક્ષ પોતાની નોકરી અને કમાણીની વિગતો છુપાવીને 'ઘરકામ' કરતી હોવાનું ખોટું સોગંદનામું રજૂ કર્યું હતું. વધુમાં પતિએ રજૂઆત કરી હતી કે તેના પર મૃતક(પહેલી) પત્નીના સંતાનોના અભ્યાસ, લાલનપાલન અને લગ્નની જવાબદારીઓ છે, તેમજ તેને પોતે હાર્ટની સર્જરી કરાવી હોવાથી તબીબી ખર્ચ થાય છે. પતિ તરફે પત્નીની હોસ્પિટલની નોકરીના ફોટોગ્રાફ્સ, હાજરીપત્રક અને પગાર સ્લીપ પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા હતા.આવી રજૂઆત બાદ ફેમીલી કોર્ટે પત્નીની અરજી ફગાવી દીધી હતી.અદાલતે નોંધ્યું કે અરજદાર પત્ની રાજદીપ એન્ટરપ્રાઈઝમાં હોસ્પિટલ ખાતે નોકરી કરીને માસિક રૂ. ૧૦,૦૦૦થી વધુની આવક મેળવે છે, પરંતુ આ સત્ય તેણે પોતાની અરજી કે સોગંદનામામાં ક્યાંય દર્શાવ્યું નથી અને કોર્ટ સમક્ષ પોતાની આવક જાણીજોઈને છુપાવી છે. પત્નીની પોતાની માસિક કમાણી (આશરે રૂ. ૧૦,૦૦૦) અને અગાઉના હુકમ મુજબ મળતી ભરણપોષણની રકમ (રૂ. ૩,૫૦૦) મળીને તે પોતાનું જીવનનિર્વાહ અને ગુજરાન સક્ષમ રીતે ચલાવી શકે તેમ છે. અગાઉના હુકમ બાદ પતિની આવકમાં થોડો વધારો થયો છે, પરંતુ તેની સાથે તેના કૌટુંબિક ખર્ચ, બાળકોની જવાબદારીઓ અને પોતાની બીમારીનો ખર્ચ પણ વધ્યો છે. કોર્ટનો આખરી હુકમ પત્ની પોતાની કમાણી અને અગાઉ મંજૂર થયેલા ભરણપોષણથી પોતાનું ગુજરાન ચલાવવા માટે સક્ષમ છે અને તેણે અદાલત સમક્ષ પોતાની કમાણી છુપાવી છે. આથી, ભરણ પોષણમાં વધારો કરી શકાય નહીં.

### વિકાસ કાર્યોની ગુણવતા અને પ્રગતીની સમીક્ષા માટે

# બાબરાનાં કીડી-બરવાળા માર્ગ પર નિર્માણાધીન પુલની સિંચાઈ સમિતિના ચેરમેને મુલાકાત લીધી

## ચેરમેન ઉપરાંત સ્થાનિક આગેવાનો પણ જોડાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના કીડીથી બરવાળા ગામને જોડતા માર્ગ પર પુલનું કામ ચાલી રહ્યું છે, ત્યારે આ નિર્માણાધીન પુલની કામગીરીની સ્થળ મુલાકાત લઈ સિંચાઈ સમિતિના ચેરમેન અમરશી વાઘેલાએ રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન અમરશી વાઘેલા સાથે ધીરૂભાઈ મેટાળીયા, હરેશભાઈ ઝાપડિયા, રોહિતભાઈ સુસરા અને જયસુખભાઈ મેર ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ સ્થળ પર જઈ પુલની ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરી કામની પ્રગતિ અંગે જાણકારી મેળવી હતી.

કીડી-બરવાળા માર્ગ પર પુલનું કામ પૂર્ણ થતાં સ્થાનિક ગ્રામજનો તેમજ આ માર્ગ પરથી અવરજવર કરતા વાહનચાલકોને સુવિધા મળશે અને વાહન વ્યવહાર વધુ સુગમ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક વિસ્તારના વિકાસકાર્યો સમયસર અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે દિશામાં સ્થળ પર જઈ કામગીરીની સમીક્ષા કરવી મહવપૂર્ણ બની રહે છે.

### પાપાંકુશા એકાદશીનાં પાવન દિવસે

# અમરેલીમાં તુલસીના રોપા વિતરણનો કાર્યક્રમ યોજાયો

## અનેક રોગોના નિરાકરણમાં તુલસી ઉપયોગી



અમરેલી, તા.૨૬

અમરેલીના રાજકમલ ચોકમાં મહિલા ઉત્થાન મંડળની બહેનો દ્વારા તુલસીના રોપ વિતરણનો એક અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમની વિશેષતએ રહી કે કોઈ પણ જાતનાં નાતજાતના ભેદભાવ વગર લોકો આદરથી તુલસીના રોપા લઈ જતા નજરે પડયા હતા. નગરના પ્રબુદ્ધ નાગરિકોએ મહિલા ઉત્થાન મંડળની બહેનોની નિ:સ્વાર્થ સેવા ભાવનાને હૃદયપૂર્વક બિરદાવી હતી.

આયુર્વેદમાં ઔષધીય ગુણોમાં તુલસી મોખરાનું સ્થાન ધરાવે છે. અનેક પ્રકારના રોગોને દુર કરવા તુલસીનો ઉપયોગ થાય છે. ચોવીસે કલાક તુલસી પ્રાણવાયું આપે છે. જેથી વાતાવરણની શુદ્ધિ અને પ્રદુષણ નિયંત્રણ માટે તુલસી ખુબ જ ઉપયોગી છે. તુલસીના આવા અનેકવિધ ઉપયોગોને લોકભાવ્ય બનાવવા લોક હિતૈષી સંત શ્રી આશારામજી બાપુએ "વૃન્દા અભિયાન"ની શરૂઆત કરાવી, જે અંતર્ગત ભારત ભરમાં તેમના અનુયાયીઓ દ્વારા ઘરે ઘરમાં તુલસી પહોંચે એ હેતુથી તુલસીના રોપા નિ:શુલ્ક વિતરિત કરવામાં આવે છે. સાથે તુલસીના ઉપયોગની પત્રિકા પણ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં મહિલાઓને સાંપ્રત સમયમાં જેની તાતી જરૂરિયાત છે એવા "ઋષિ પ્રસાદ" સામયિકનો સુપ્રસવ વિશેષાંક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો. આ વિશેષાંકમાં માતા બનવા જઈ રહેલી મહિલાને સીજેરીયન ઓપરેશનથી બચીને કેવી રીતે સુખપૂર્વક પ્રસવ થાય એટલે કે નોર્મલ ડિલિવરી થઈ શકે એ અંગેના આયુર્વેદિક અનૂભૂત પ્રયોગો પણ આપવામાં આવેલ છે. વલ્લભીપુર આશ્રમના સહકારથી અને મહિલા ઉત્થાન મંડળની બહેનોની ભારે જહેમતથી કાર્યક્રમ સરસ રીતે સંપન્ન થયો.

### બળતણ ક્ષેત્રે ભારતનો મોટો નિર્ણય

# 100% ઈથેનોલથી ચાલતી E100 ફ્લેક્સ-ફ્યુઅલ કારને સરકારી મંજૂરી

## કાર્બન ઉત્સર્જન ઘટીને શૂન્યની નજીક પહોંચશે અને ક્રૂડ ઓઇલની આયાત નિર્ભરતામાં મોટો ઘટાડો થશે

નવી દિલ્હી, તા. ૨૬

દેશમાં પર્યાવરણ અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન આપવા અને ક્રૂડ ઓઈલની આયાત પરની નિર્ભરતા ઘટાડવા તરફ ભારત સરકારે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં સુધારો કરીને ૧૦૦% ઈથેનોલ મિશ્રિત ઈંધણ પર ચાલતા 'E100 ફ્લેક્સ-ફ્યુઅલ' વાહનોને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. કાર નિર્માતા કંપનીઓ દ્વારા તેમના નવા ફ્લેક્સ-ફ્યુઅલ મોડેલો બજારમાં ઉતારવામાં આવે તેના થોડા સમય પહેલા જ આ મહત્વપૂર્ણ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

નવા ઉત્સર્જન નિયમો હેઠળ ઈ૮૫ ની સાથે હવે E100 નો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો છે. જોકે, સરકારી અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે E85 અને E100 નો ઉપયોગ માત્ર તે માટે ખાસ ડિઝાઈન અને પ્રમાણિત (Certified) કરાયેલા વાહનોમાં જ થઈ શકશે. હાલના સામાન્ય વાહનો કે E20 ઈંધણ પર ચાલતી કારમાં આ બળતણ વાપરી શકાશે નહીં. બ્રાઝિલ અને અમેરિકા જેવા દેશોમાં પ્રચલિત આ ટેકનોલોજીથી પેટ્રોલની સરખામણીએ કાર્બન ઉત્સર્જનમાં મોટો ઘટાડો નોંધાશે.

### શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા

# બાબરા ખાતે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ બસિયાનું સન્માન

## આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૬

ભારતીય જનતા પાર્ટીનાં સંગઠનમાં વર્ષોથી સક્રિય રહી પક્ષની વિચારધારાને જન-જન સુધી પહોંચાડવામાં યોગદાન આપનાર બાબરા શહેર ભાજપનાં મોભી તથા અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયાની પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાધ્યક્ષ તરીકે વરણી થતાં બાબરા શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા તેમનું ભવ્ય સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.બાબરા શહેર ભાજપ બક્ષીપંચ મોરચાનાં પ્રમુખ વિજયભાઈ રાઠોડનાં અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સન્માન કાર્યક્રમમાં જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાનાં કારોબારી સભ્ય વિપુલભાઈ ડાભીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં નવનિયુક્ત ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયાનું બાબરા શહેર ભાજપ બક્ષીપંચ મોરચાનાં હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને તેમની નવી જવાબદારી બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ બક્ષીપંચ મોરચાનાં પ્રમુખ વિજયભાઈ રાઠોડ, મહામંત્રી કલ્પેશભાઈ ભુવા, મહામંત્રી મનીષભાઈ મકવાણા, ઉપપ્રમુખ ભાવેશભાઈ પાડા, કે.કે. મિસ્ત્રી, જેઠાભાઈ કાલરીયા સહિત મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ભૂપેન્દ્રભાઈ બસિયાની પ્રદેશ કક્ષાએ થયેલી વરણીથી બાબરા ભાજપનાં કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમની સંગઠનાત્મક કામગીરી અને અનુભવનાં આધારે પક્ષનાં સંગઠનને વધુ મજબૂત બનાવવામાં યોગદાન મળશે તેવી આશા સાથે ઉપસ્થિત હોદ્દેદારોએ તેમને નવી જવાબદારીમાં સફળતા મળે અને પક્ષની સેવાના કાર્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# સાવરકુંડલા ખાતે કોંગ્રેસ પક્ષનાં આગેવાનોની ''વોટ ચોરી'' પ્રશ્ને બેઠક યોજાઈ



સાવરકુંડલા ''સંગઠન મજબૂત તો કોંગ્રેસ મજબૂત''નાં નારા સાથે સાવરકુંડલાનાં લોહાણા વિદ્યાર્થી ભવન, મહુવા રોડ ખાતે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિની અતિ અગત્યની સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી.આ બેઠકનું ઉદઘાટન મધ્યપ્રદેશના પૂર્વ મંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં સંગઠન ઉપાધ્યક્ષ તથા સૌરાષ્ટ્ર ઝોન ''વોટ બચાવો, દેશ બચાવો''નાં ઈન્ચાર્જ સુખદેવ પાંસે સહિત ઉપસ્થિત તમામ આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ યોજાયેલી આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા સહિત અમરેલી જિલ્લાનાં તમામ તાલુકા અને શહેર કોંગ્રેસનાં પ્રમુખઓ, તમામ ફ્રન્ટલ સંગઠનોના આગેવાનો અને સમગ્ર અમરેલી જિલ્લાનાં આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બેઠકમાં સુખદેવ પાંસેએ સંગઠનને બુથ લેવલ સુધી મજબૂત બનાવવા અને ''વોટ બચાવો, દેશ બચાવો'' અભિયાનને ઘરે–ઘરે પહોંચાડવા કાર્યકરોને આહ્વાન કર્યુ હતું. સમગ્ર બેઠક દરમ્યાન કોંગ્રેસ કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું ખાંભાનાં મોટા સરાકડીયા ગામે

મળી રહ્યો છે.

ઘટનાની જાણ થતાં ખાંભા વન વિભાગનો સ્ટાફ ખાંભા હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો અને સમગ્ર બનાવ અંગે જરૂરી વિગતો મેળવી હતી. વન વિભાગ દ્વારા હુમલો કરનાર દીપડાને પકડવા માટે પાંજરાં મૂકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓની અવરજવર વચ્ચે માનવીઓ પર હુમલાની ઘટનાઓને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ખેતરો અને વાડીઓમાં રાત્રિનાં સમયે રહેતા ખેડૂતોની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા પોલીસે ૨૭ વર્ષ પહેલા

નાસતો–ફરતો હોય જેને શોધી કાઢવા માટે તપાસ કરતા આરોપીના સરનામાની કોઈ ચોક્કસ માહિતી મળતી ના હોય જેથી પ્રથમ સદરહુ તપાસના કાગળોનો અભ્યાસ કરેલ હતા. જેમાં સદરહુ ગુન્હામાં ત્રણ આરોપી અટક થઈ ગયેલ હતા. જે આરોપીઓનો સંપર્ક કરતા તેમાંથી એક આરોપી મરણ ગયેલ હોય અને બીજા બે આરોપીનો સંપર્ક કરી તપાસ કરતા તેઓ એ જણાવેલ કે બનાવ જૂનો હોય જેથી તેની કોઈ ચોક્કસ પરિણામલક્ષી માહિતી મળેલ ન હોય, જેથી આ ગુન્હાની તપાસ નવેસરથી શરૂ કરેલ હતી.

તપાસના કાગળોમાં આરોપીનું રહેઠાણ સ્થળ ઉત્તરપ્રદેશ રાજયનું પ્રતાપગઢ જિલ્લાનું રાજીગંજ ગામ ગાંભી ઘરોરા જે ૧૯૯૯ની સાલમાં બનાવ સમયે રાજીગંજ તાલુકામાં આવતું હતું જેથી તાલુકો રાજીગંજ લખાવેલ હોય. ફરિયાદીએ જેથી સરનામાં જણાવેલ ગામ બાબતે તપાસ કરતા આવું કોઈ ગામ મળી આવેલ નહીં. ત્યારબાદ પ્રતાપગઢ જીલ્લાના તમામ તાલુકાના તમામ ગામોની એક પછી એક એસઆઈઆર મતદાર યાદી મેળવી ચેક કરતા જેમાં આરોપીના એક જ નામના ૧૫૦ વ્યકિતઓ મળી આવેલ હતા. જેમા વધુ તપાસ કરતા આરોપી તથા તેના પિતાના નામ મળતા આવતા હોય તેવા ૪ નામ મળેલ. જેથી આરોપી અંગે ચોક્કસ કન્ફર્મેશન મેળવવા શંકાસ્પદ ઈસમોના ગામ, ઉંમર અને પૂરૂં નામ ચેક કરતા જેમાથી એક ઈસમ ઘરોરા નામના ગામનો હોવાનુ મળી આવેલ હતું અને જે ગામનું નામ ગાંભી ઘરોરા સાથે મળતું આવતું હોય અને સદરહુ ઈસમની વધુ વિગતો મેળવવા માટે હાલની ચૂંટણી વિભાગની જાહેર થયેલ નવી એસઆઈઆર યાદી મેળવેલ અને યાદીમાંથી સદરહુ શંકાસ્પદ ઈસમનુ મળતું નામ સર્ચ કરેલ જે નામ નવી યાદીમાં મળી આવેલ. જેની બનાવ સમયની ઉંમર અને હાલની ઉંમર તથા પિતાનું નામ તથા માતાનું નામ ચેક કરતા આરોપી તથા આ શંકાસ્પદ ઈસમનુ મળતુ આવતુ હોય. જેથી ટેકનીકલી એનાલિસકરી આરોપીના એસઆઈઆર યાદીમાંથી મળેલ નામ અને ઈલેકશન આઈડી નંબર પરથી ટેકનીકલી તપાસ કરી બીજા ડોકયુમેન્ટ મેળવેલ અને એ ડોકયુમેન્ટ ઉપરથી આરોપીના પત્નીના નામનો એક મોબાઈલ નંબર મળી આવેલ જે નંબરના સોશ્યલ મિડીયા વોટ્સઅપ ઉપર એક બુલેટ ગાડીનો ફોટો હોય જેના રજી. નં. યુ.પી.–૭૨ બીએન–૦૬૧૪ હોય. બુલેટ અબ્દુલ સતાર મોહમદ હબીબ કુરેશીના નામનું હોય જેથી આરોપીની ચોક્કસ ઓળખ નક્કી કરી, આરોપીની તપાસ કરતા આરોપીનું લોકેશન અલગ અલગ રાજયોમાં સતત બદલાતું હોય. જેથી જીણવટભરી તપાસ કરતા આરોપીનુ મુવમેન્ટ એનાલીસીસ કરી અને ચોક્કસ લોકેશન નક્કિ કરી આરોપીને મહારાષ્ટ્ર રાજયના નાગપુર શહેર ખાતે પહોંચી જયાં આરોપી બસ ડ્રાઈવર તરીકે બસ ચલાવતો હોય. જેથી પેસેન્જર તરીકે બસમાં બેસી યુકિત પ્રયુકિતથી પુછપરછ કરી આરોપીએ ગુન્હા અંગેની કબુલાત કરતા રાજુલા પો.સ્ટે. લાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

પુછપરછ દરમ્યાન આરોપીએ જણાવેલ કે પોતે ૧૯૯૯માં મહેતા ટ્રાન્સપોર્ટમા ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય તે દરમ્યાન કોવાયા ખાતેથી કુલ–૩૦ ટન (૬૦૦ બેગ) સીમેન્ટ ભરી અને સુરત ડમ્પમાં ખાલી કરવા રવાના થયેલ. તે દરમ્યાન તળાજા નજીક મુરલીધર હોટલ પાસે એક ભાઈને બધી સીમેન્ટ કિંમત રૂપિયા ૨૦,૦૦૦માં બારોબાર વેચી ટ્રક મુકી નાસી ગયેલ હતો તેમજ આરોપીએ કોઈ અન્ય ગુનો કરેલ છે કે કેમ ? તે અંગે વધુ તપાસ ચાલુ છે.

## અવસાન નોંધ

અમરેલી : મૂળ સણોસરા અને હાલ બગસરા નિવાસી રમણીકભાઈ મણિલાલ દવેના ધર્મપત્ની અ.સૌ. મંગળાબેનનું તા. ૨૫/૧૦/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે. તે ધીરજલાલ દવે ( સણોસરા), પ્રભાશંકર દવે (ભાવનગર), લીલાબેન પાઠક (અમરેલી), જયાબેન વ્યાસ (બગસરા) ના નાના ભાઈના ધર્મપત્ની તથા કિરીટભાઈ દવે (નાગરીક બેંક) અને જાગૃતિબેન (બગસરાના) માતુશ્રીનું અવસાન થયેલ છે.

## કલા મહાકુંભની વકતૃત્વ સ્પર્ધામાં અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીની દ્વિતીય ક્રમે

### વિદ્યાર્થીની વૈશાલી હેલૈયાએ ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ, અમરેલીની વિદ્યાર્થીની કુ. હેલૈયા વૈશાલીએ તાલુકા કક્ષાના કલા મહાકુંભ અંતર્ગત યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ વધાર્યુ છે.

વકતૃત્વ સ્પર્ધાએ વિદ્યાર્થીઓનમાં વાકછટા, વિચારશકિત, આત્મવિશ્વાસ અને અભિવ્યકિત કૌશલ્ય વિકસાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ છે. આ સ્પર્ધામાં કુ. હેલૈયા વૈશાલીએ પોતાની વકતૃત્વકલા અને રજુઆત દ્વારા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

વિદ્યાર્થીનીની આ સિદ્ધિ બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયા, અધ્યાપકગણ અને સમગ્ર કોલેજ પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા. તથા ભવિષ્યમાં પણ આવી જ પ્રગતિ કરીને કોલેજ અને સંસ્થાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **બિંદુબેન મહેશભાઈ ડેર** રહે. અમરાપરા, તા. બાબરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

ગામ બાબરા, તા. બાબરા, જિ. અમરેલી
રે. સર્વે.નં. ૩૫૪ પૈકી — બીનખેતી પ્લોટ નં. ૪૭/૨
જેના ચો.મી. ૧૦૫–૦૦
રજી. દસ્તાવેજ નં. ૨૦૮૦ — તારીખ : ૨૮/૧૧/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) શૈલેષભાઈ ગોવિંદભાઈ કથીરીયા (૨) કાજલબેન ગોવિંદભાઈ કથીરીયા (૩) સોનલબેન ગોવિંદભાઈ કથીરીયા (૪) આશિષકુમાર ગોવિંદભાઈ કથીરીયા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૦૮૦ તા. ૨૮/૧૧/૨૦૨૩થી ખરીદ કરેલ છે. જે ઉપરોકત વ્યકિતઓનાં માતાશ્રી મંજુલાબેન ગોવિંદભાઈ કથીરીયાએ સદરહું જમીન (૧) હરિભાઈ મનજીભાઈ ધોળકીયા (૨) દેવરાજભાઈ મનજીભાઈ ધોળકીયા (૩) ઝવેરભાઈ મનજીભાઈ ધોળકીયાનાં કુલમુખત્યાર શામજીભાઈ વશરામભાઈ વઘાસીયા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૧૩ તા. ૧૭/૦૨/૨૦૦૫નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું શામજીભાઈ વશરામભાઈ વઘાસીયાને આપેલ કુલમુખત્યારનામું હાલ મળી આવેલ ના હોય તથા અમારા અસીલશ્રીએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે. જેથી લાગતા વળગતા તમામને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણ (૩) માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૬/૧૦/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## પાના ૧ ઉપરનું ચાલું ''કેસરીયા શરદોત્સવ'' યોજાયો

ખેલૈયાઓની ટીમે પણ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પોસ્ટર સાથે ઉત્સાહભેર ગરબે ઘૂમતા ખેલૈયાઓએ ઉત્સવના માહોલમાં નવો રંગ ઉમેર્યો હતો.

સ્મિત મચ્છર સાથે સોલાર થીમ પર આકર્ષક શણગાર સજીને આવેલા ખેલૈયાઓએ પરંપરાગત ગરબાની સાથે આધુનિક થીમનો સમન્વય રજૂ કર્યો હતો. રંગબેરંગી પોશાક, તાલબદ્ધ ગરબા અને ઉત્સાહી ખેલૈયાઓના કારણે સમગ્ર ઉત્સવ પરિસર ગરબામય બન્યું હતું. કેસરીયા શરદોત્સવ દરમિયાન કાર્યકર્તાઓએ ઉર્જામંત્રીને ખભે બેસાડીને પોતાની ખુશી અને ઉત્સાહ વ્યકત કર્યો હતો. શરદપૂર્ણિમાની ચાંદની રાતે અમરેલીમાં યોજાયેલો કેસરીયો શરદોત્સવ રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિ, પરિવાર સાથેની ઉજવણી, અનોખી થીમ અને ખેલૈયાઓની રાસની રમઝટ સાથે યાદગાર બન્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું ઘુઘરાળા ગામે રામદેવપીરનાં મંદિરમાંથી

હોવાનું જાણવા મળ્યું છે. ગામના ધાર્મિક સ્થળને નિશાન બનાવવામાં આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મંદિરમાં ચોરીની ઘટનાની જાણ મંદિરનાં સેવક માવજીભાઈ પટેલને થતાં તેમણે તાત્કાલિક સ્થાનિક આગેવાનો અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ ચોરીનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આસ્થાના પ્રતીક સમાન મંદિરની મૂર્તિઓની ચોરી થતાં ગ્રામજનોમાં દુઃખ અને રોષની લાગણી જોવા મળી રહી છે.

આ ઘટનામાં સીસીટીવી ફૂટેજ મહત્વની કડી બની શકે તેમ છે. કેમેરામાં ત્રણ અજાણ્યા શખ્સો તીક્ષ્ણ હથિયારો તેમજ પથ્થર સાથે જોવા મળી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ફૂટેજનાં આધારે પોલીસ દ્વારા શંકાસ્પદ શખ્સોની ઓળખ મેળવવા અને ચોરીનાં બનાવનો ભેદ ઉકેલવા તપાસ શરૂ કરવામાં આવી છે.

ઘુઘરાળા ગામે મંદિરનાં તાળાં તોડી પાંચ ચાંદીની મૂર્તિઓની ચોરી કરી ફરાર થઈ ગયેલા શખ્સોને ઝડપી પાડવા બાબરા પોલીસ દ્વારા વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ સહિતની કડીઓના આધારે તસ્કરો સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હવે પોલીસ તપાસમાં ચોરીનો ભેદ કયારે ઉકેલાય છે, આરોપીઓ કયારે ઝડપાય છે અને ચોરી થયેલી મૂર્તિઓ કયારે પરત મળે છે તેના પર ગ્રામજનોની નજર મંડાયેલી છે.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા–વળગતા તમામને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **સાવરકુંડલા તાલુકા**ના મોજે : **કેરાળા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનં. | રે.સ.નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | કેશરબેન પોપટભાઈ પાનશેરીયા વિ.૧૬ | ૨૧૦ | ૪૧/૨ | ૧–૫૫–૮૦ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૦૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિત પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૨૬/૧૦/૨૦૨૬ — તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)
રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા,
મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦/૯૮૨૪૬ ૬૧૫૦૦

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં 'ઈકો અર્થ ફાઉન્ડેશન'નાં

ઝુંબેશના ભાગરૂપે, ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'ફ્રી ધ ટ્રી મુવમેન્ટ' શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત વૃક્ષોને તાર, જાળીઓની પકડ અને બ્લોક કોંક્રિટના બાંધકામોથીમુકિત આપવાનું લક્ષ્યાંક છે.

ઈકો અર્થ ફાઉન્ડેશનના 'પ્રોજેકટ નવજીવન'ના ભાગરૂપે અમરેલી વિસ્તારમાં એક નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત માત્ર નવા છોડ રોપવા પૂરતું મર્યાદિત ન રહેતા, વિસ્તારના વર્ષો જૂના અને વિકસિત થઈ ચૂકેલા વૃક્ષોની યોગ્ય જાળવણી, સાચવણી તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી માવજત કરવાના વિશેષ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ફાઉન્ડેશનના પ્રયાસો અમરેલીના હરિયાળા વાતાવરણને ટકાઉ બનાવવામાં ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, કલાઈમેટ ચેન્જની વૈકિ સમસ્યાઓ સામે લડવા માટે જરૂરી ગ્રીન કવર વિકસિત કરવું, નવા વૃક્ષો રોપણની સાથે હયાત જૂના વૃક્ષોની જાળવણી પણ મહત્વની છે. આ હયાત વૃક્ષો વધુ ઓકિસજન પૂરૂં પાડે છે. વૃક્ષોની વધુ સારી રીતે માવજત અને જાળવણી કરીને વધુમાં વધુમાં ઓકિસજન ઉત્સર્જન કરવા માટેની સમગ્ર પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાનું લક્ષ્યાંક છે.

ઠેબી ડેમ સાઈટ વિસ્તારમાં વૃક્ષારોપણ બાદ રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ અમરેલી શહેરના વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને આગેવાનો તેમજ સ્થાનિક અગ્રણીઓ, કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયોકાર્યક્રમ 'મન કી બાત' નું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું.

આ તકે રાજયમંત્રી અને ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ વડાપ્રધાન દ્વારા દેશના વિવિધ ભાગોમાં ચાલતા પ્રેરણાદાયી કાર્યો, સામાજિક ક્રાંતિ, સ્વચ્છતા અને વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ, પર્યાવરણના સંરક્ષણને લગતા કાર્યો, જલ શકિત અને સ્વનિર્ભરતાના નવતર વિચારોને ખૂબ જ રસપૂર્વક શ્રવણ કરી, કાર્યક્રમ નિહાળીને રાષ્ટ્રનિર્માણના આ મહાઅભિયાનમાં સક્રિય યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ દોહરાવ્યો હતો.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા–વળગતા તમામને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **સાવરકુંડલા તાલુકા**ના મોજે : **કેરાળા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનં. | રે.સ.નં. | હે.આરે.ચો.મી. | આકાર |
|---|---|---|---|---|---|
| ૧ | લાભુબેન પ્રેમજીભાઈ કોદાવલા | ૮૮૩ | ૩૮ પૈકી ૩ | ૧–૨૯–૫૦ | ૧૩–૦૦ |
| | | | ૩૯ પૈકી ૧ | ૦–૯૦–૦૫ | ૮–૪૧ |
| ૨ | પ્રસન્નબેન મનુભાઈ વાળા | | ૩૯ પૈકી ૨ | ૦–૯૦–૦૪ | ૮–૪૦ |
| | | | ૪૦ પૈકી ૧ | ૧–૪૪–૬૮ | ૧૩–૦૯ |
| | | | ૪૦ પૈકી ૨ | ૧–૨૧–૪૧ | ૧૨–૧૬ |
| | | | ૪૧/૧ પૈકી ૨ | ૦–૮૦–૯૪ | ૮–૦૦ |
| | | ૮૮૪ | ૩૭ | ૧–૨૯–૫૦ | ૧૦–૯૪ |
| | | | ૩૮ પૈકી ૨ | ૧–૮૨–૧૧ | ૧૪–૩૮ |
| | | | ૪૧/૪ | ૧–૮૯–૧૯ | ૧૭–૬૯ |
| | | | ૪૧/૫ પૈકી ૨ | ૦–૮૦–૯૪ | ૭–૦૦ |
| | | | ૪૧/૫ પૈકી ૩ | ૦–૮૦–૯૪ | ૭–૦૦ |
| | | | ૪૧/૫ પૈકી ૪ | ૦–૮૩–૯૭ | ૭–૮૧ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૦૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિત પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૨૬/૧૦/૨૦૨૬ — તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)
રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા,
મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦/૯૮૨૪૬ ૬૧૫૦૦

# લીલીયામોટા : આઈ.ટી.આઈ. ખાતે પદવીદાન સમારોહ અને પ્રમાણપત્ર એનાયત



લીલીયા : ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.), લીલીયા ખાતે તા. ૨૬ ઓકટોબર, ૨૦૨૬ના રોજ પદવીદાન સમારોહ (convocation Ceremony)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તેમની સિદ્ધિ બદલ મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમારોહ માં ૬૦ થી વધુ તાલીમાર્થીઓ એ હાજરી આપી હતી.આ પ્રસંગે તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી કૌશલ્યોનું મહત્વ સમજાવીને ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉજજવળ કારકિર્દી ઘડવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આજના સ્પર્ધાત્મક યુગમાં ટેકનિકલ જ્ઞાન, વ્યવહારૂ કૌશલ્ય, શિસ્ત અને મહેનતના આધારે રોજગારીની નવી તકો પ્રાપ્ત કરી શકાય છે, તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.પદવીદાન સમારોહ દ્વારા તાલીમાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવાની સાથે તેમને ભવિષ્યમાં કુશળ કારીગર અને જવાબદાર નાગરિક તરીકે આગળ વધવામાટે પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવ્યું હતું.સમારોહના અંતે સંસ્થાના સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓને તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### અમરેલી નજીક આવેલ

# ચક્કરગઢ-દેવળીયા માર્ગ ઉપર બાઈક સવાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત

## જાગૃત નાગરિકે તેઓને મદદ કરી દવાખાતે પહોંચાડયા

અમરેલી, તા.૨૬

ગત ગુરૂવારના રોજ સમૃદ્ધિસેતુમાં મેનેજર તરીકે ફરજ બજાવતા સંજયભાઈ પરમાર ઓફિસેથી પોતાના વતન દેવભૂમિ દેવળીયા જવા નીકળ્યા હતા. અને રસ્તામાં ચકકરગઢ અને દેવળિયાની વચ્ચે પહોચ્યા હતા. ત્યાં તેમણે એક મોટર સાયકલ પડેલું હતું. અને એક યુવક અકસ્માતે ગંભીર ઈજાગ્રસ્ત પડયો હતો. યુવકના માથામાંથી લોહી વહી રહયુ હતું. તેઓના ધ્યાને આવતા તેઓએ તુરત પોતાની મોટરસાયકલ ત્યાં જ ઊભી રાખી અને સૌ પ્રથમ ૧૦૮ ને ફોન કર્યો હતો. અને ત્યારબાદ પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢી ખૂબ કડક રીતે ઘવાયેલ યુવકના માથામાં લોહી વહેતું હતું. ત્યાં બાંધી દીધેલ હતો.

થોડીવારમાં આજુ બાજુમાંથી લોકો આવ્યા ઈજાગ્રસ્ત પરેશ ગોહિલના દેવળીયાના કુટુંબને પણ જાણ કરી ૧૦૮ આવતા તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેને પ્રાથમિક સારવાર અને



એમ.આર.આઈ.કરાયો હતો. ડોકટરોનું કહેવાનું એવું થયું કે, પરિસ્થિતિ ગંભીર છે તાત્કાલિક તેઓને વધુ સારવાર માટે ભાવનગર ખસેડવા જરૂરી છે. પરેશભાઈના પરિવારજનો ખૂબ ગભરાયેલા હતા. તેવા સમયે લોહીથી લથપથ શર્ટ સાથે ત્યાં આવેલા આ સંજયભાઈએ ઘવાયેલ યુવકના પરિવારને હિંમત આપી. અને તાત્કાલિક ભાવનગર જવા માટે આગ્રહ કર્યો હતો.

પરિવાર ભાવનગર જવા રવાના થયો અને ત્યાં પણ તેને ઉત્તમ સારવાર મળતા ૪૮ કલાકમાં તેઓ ભયમુક્ત બન્યા હતા. આમ દરજી કામ કરીને ગુજરાન ચલાવતા અમરેલીના દેવળિયા ગામના પરેશભાઈ અને તેના પરિવારમાં એક દીકરી છે. તેનો કુદરતી રીતે ચમત્કારી બચાવ થયો હતો. ઘવાયેલ યુવકને જીવતદાન મળ્યું હતું. આખો દિવસ ઓફિસની અંદર કામ કરીને અમરેલીથી પોતાના ઘરે જઈ રહેલા સંજયભાઈની સમય સૂચકતા તાત્કાલિક સારવાર અને ત્વરિત નિર્ણય લેતા આ એક પરિવારનો મોભી યુવક બચી ગયો હતો. સંજયભાઈની પરોપકારવૃત્તિ અને સમય સૂચકતાને ખૂબ ખૂબ ધન્યવાદ દેવા જોઈએ.

અકસ્માત સમયે હવે સરકારના નિયમો અનુસાર કોઈપણ વ્યક્તિ મદદ કરે તો તેને કોઈપણ પ્રકારની પોલીસ દ્વારા કે, કાયદાકીય હેરાનગતિ થતી નથી. તેથી તાત્કાલિક સારવાર માટે કોઈપણવ્યક્તિને આવા સંકટ સમયે મદદ કરવીએ નાગરિક ધર્મ છે.

### ગીર સોમનાથ પંથકમાં દીપડાનો આતંક

# ઉનાનાં નાંદણ ગામે ૧૦ વર્ષનાં બાળક પર હુમલો, ગળાનાં ભાગે ગંભીર ઈજા

## વનવિભાગે ચાર પાંજરા ગોઠવ્યાં છતાં દીપડો પકડાયો નહીં



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઉના, તા. ૨૬

ગીર સોમનાથ જિલ્લામાં વન્ય પ્રાણીઓની અવર જવરને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ઉના તાલુકાનાં નાંદણ ગામ નજીક આવેલા જીલાત્રી વિસ્તારમાં દીપડાએ ૧૦ વર્ષનાં બાળક પર હુમલો કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘરની ઓસરીમાં રમતા બાળક પર દીપડાએ અચાનક હુમલો કરી તેને ઉઠાવી લીધો હતો. જોકે, પરિવારજનોએ હિંમત કરીને દીપડાનો પીછો કરતાં દીપડો બાળકને છોડીને નાસી છૂટયો હતો. આ હુમલામાં બાળકનાં ગળાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ઉના તાલુકાનાં નાંદણ ગામ અને નાળિયા માંડવી વચ્ચે આવેલા જીલાત્રી વિસ્તારમાં સર્દુલભાઈ મેવાડાનો ૧૦ વર્ષીય પુત્ર ક્રિશ પોતાના ઘરની ઓસરીમાં રમી રહ્યો હતો. આ દરમિયાન અચાનક દીપડો ત્યાં આવી પહોંચ્યો હતો અને બાળક પર હુમલો કર્યો હતો. દીપડો બાળકને ઉઠાવીને લઈ જતાં પરિવારજનોમાં અફરા તફરી મચી ગઈ હતી.

બાળકને દીપડાનાં સકંજા માંથી છોડાવવા માટે પરિવારજનોએ તાત્કાલિક પીછો કર્યો હતો. પરિવારજનો પીછો કરતાં દીપડો બાળકને છોડીને ત્યાંથી નાસી છૂટયો હતો. જોકે, દીપડાનાં હુમલામાં બાળકનાં ગળાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પરિવારજનોએ બાળકને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો. આ બનાવને પગલે પરિવારજનોમાં ચિંતાનો માહોલ ફેલાયો છે.

બાળક પર દીપડાનાં હુમલાની ઘટના સામે આવતાં વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દીપડાને પાંજરે પૂરવા માટે અલગ-અલગ ચાર જેટલાં સ્થળોએ પાંજરાં ગોઠવવામાં આવ્યાં છે. જોકે, સવાર સુધી દીપડો પાંજરે પુરાયો ન હતો.

દીપડાની શોધખોળ માટે વન વિભાગની ટીમ દ્વારા તેના પગલાંનાં નિશાનનાં આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. વન વિભાગનાં જણાવ્યા મુજબ, હાલ દીપડો નાળિયા માંડવી વિસ્તારની આસપાસ હોવાની શકયતા છે. આથી દીપડાની અવર જવર પર નજર રાખીને તેને પકડવા માટેની કવાયત હાથ ધરવામાં આવી રહી છે.

એક તરફ બાળક પર થયેલા હુમલાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે, તો બીજી તરફ ચાર જેટલાં પાંજરાં ગોઠવ્યા બાદ પણ દીપડો પકડાયો ન હોવાથી સ્થાનિક લોકોની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને નાંદણ અને નાળિયા માંડવી વચ્ચેનાં વાડી વિસ્તારમાં રહેતા પરિવારો, ખેડૂતો અને ખેતમજૂરો માટે દીપડાની અવર જવર ચિંતાનો વિષય બની છે.

### સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરી

# કોડીનારના ડોળાસા ગામે મેડિકલ સ્ટોરમાંથી શંકાસ્પદ ઈન્જેકશનનો જથ્થો ઝડપાયો

## FSL તપાસ માટે નમૂના મોકલવાની કાર્યવાહી

ઉના, તા. ૨૬

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામે એસઓજી ગીર સોમનાથ દ્વારા કાર્યવાહી દરમિયાન મેડિકલ સ્ટોરમાંથી શંકાસ્પદ ઈન્જેકશનનો જથ્થો મળી આવતાં ચકચાર મચી છે. કોડીનાર-ઉના હાઈવે પર ડોળાસા બસ સ્ટેશન સામે આવેલી કિશાન મેડિકલ સ્ટોરમાંથી કુલ રૂ.૨૧,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસના અહેવાલ મુજબ, આ જથ્થો ગાય-ભેંસ વધુ દૂધ આપે તે માટે ઉપયોગમાં લેવાતો હોવાની વિગતો સામે આવી છે.

પોલીસના જાણવા જોગ રિપોર્ટમાં નોંધાયેલી વિગતો મુજબ, ડોળાસા ગામના બોડીદર રોડ પર રહેતા સાગરભાઈ રામસિંગભાઈ મોરી (ઉંમર

તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.



૨૭ વર્ષ), જેઓ મેડિકલ સ્ટોર અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમની કિશાન મેડિકલ સ્ટોરમાંથી શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો.

તપાસ દરમિયાન આશરે બે એમએલ પારદર્શક પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની નાની બોટલો વાળા ઈન્જેકશનનાં ૧૧૮ બોકસ મળી આવ્યાં હતાં. આ જથ્થાની કિંમત રૂ.૧૧,૮૦૦ નોંધવામાં આવી છે. આ ઉપરાંત સફેદ પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની બોટલોવાળા ૧૦૧ ઈન્જેકશન પણ મળી આવ્યાં હતાં, જેની કિંમતરૂ.૧૦,૧૦૦ દર્શાવવામાં આવી છે.

આમ, બંને પ્રકારના જથ્થાની કુલ કિંમત રૂ. ૨૧,૯૦૦ થાય છે. પોલીસના અહેવાલ પ્રમાણે, આ જથ્થો બિલ અને આધાર-પુરાવા વગરનો હોવાનું નોંધવામાં આવ્યું છે. આ સમગ્ર મામલે એસઓજી ગીર સોમનાથના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એચ. ગોહિલ દ્વારા જાણવા જોગ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જથ્થા અંગે પંચનામું કરી સંબંધિત દસ્તાવેજો અને મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. કબજે કરાયેલા મુદ્દામાલ અંગે નિયમ મુજબ આગળની તપાસ હાથ ધરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા મંડળોનાં મીડિયા સેલના ઇન્ચાર્જ-સહ ઇન્ચાર્જની નિમણૂંક





અમરેલી તા. ૨૬

ગુજરાત પ્રદેશ ભાજપ મીડિયા વિભાગના ઈન્ચાર્જ પ્રશાંતભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈક ાનાણી તેમજ સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ સાથે ચર્ચા-વિચારણા કરી અમરેલી જિલ્લાના ૨૧ મંડળના મીડિયા સેલના ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જની નિમણુંક જિલ્લા ભાજપનાં મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જાહેરા કરી છે.

**અમરેલી જીલ્લા ભાજપ મંડલ મીડિયા સેલના કન્વીનર / સહ કન્વીનરો**

| ક્રમ | મંડલ | જવાબદારી | નામ |
|---|---|---|---|
| ૧ | ધારી શહેર | ઈન્ચાર્જ | રીધ્ધેશભાઈ ભરતભાઈ જોષી |
| | | સહ ઈન્ચાર્જ | સંજયભાઈ નાજાભાઈ વાળા |
| ૨ | ધારી તાલુકો | ઈન્ચાર્જ | વનરાજભાઈ પાર્સીગભાઈ ડામોર |
| | | સહ ઈન્ચાર્જ | બટુકભાઈ હરિભાઈ સોલંકી |
| ૩ | ખાંભા તાલુકો | ઈન્ચાર્જ | રૂચીતભાઈ સુરેશભાઈ મહેતા |
| | | સહ ઈન્ચાર્જ | કલ્પેશભાઈ કિરીટભાઈ નગદીયા |
| ૪ | ચલાલા શહેર | ઈન્ચાર્જ | અશોકભાઈ શિવશંકર જોષી |
| | | સહ ઈન્ચાર્જ | મેહુલભાઈ ભરતભાઈ સોલંકી |
| ૫ | બગસરા શહેર | ઈન્ચાર્જ | નિલેશભાઈ ભગવાનજીભાઈ સરવૈયા |
| | | સહ ઈન્ચાર્જ | રાજેશભાઈ તુલસીભાઈ જોગી |
| ૬ | બગસરા તાલુકો | ઈન્ચાર્જ | ધર્મેશભાઈ લક્ષ્મીશંકર તેરૈયા |
| | | સહ ઈન્ચાર્જ | મયુરભાઈ ભુપતભાઈ મકવાણા |
| ૭ | અમરેલી શહેર | ઈન્ચાર્જ | આર્યનભાઈ સંજયભાઈ માધડ |
| | | સહ ઈન્ચાર્જ | દર્શનભાઈ અશોકભાઈ ઠુંમર |
| ૮ | અમરેલી તાલુકો | ઈન્ચાર્જ | ભરતભાઈ ખીમજીભાઈ હરખાણી |
| | | સહ ઈન્ચાર્જ | હસમુખભાઈ મગનભાઈ રાવળ |
| ૯ | કુંકાવાવ તાલુકો | ઈન્ચાર્જ | કિશનભાઈ પરશોતમભાઈ ઢોલરીયા |
| | | સહ ઈન્ચાર્જ | દિલીપભાઈ જયંતિભાઈ વાડોદરિયા |
| ૧૦ | લાઠી શહેર | ઈન્ચાર્જ | વિજયભાઈ જયદેવભાઈ ભટ્ટ |
| | | સહ ઈન્ચાર્જ | પૂજનભાઈ પ્રતાપભાઈ શાહ |
| ૧૧ | લાઠી તાલુકો | ઈન્ચાર્જ | કિશોરભાઈ હિંમતભાઈ ઈસામલિયા |
| | | સહ ઈન્ચાર્જ | વિનુભાઈ આનંદભાઈ પરમાર |
| ૧૨ | દામનગર શહેર | ઈન્ચાર્જ | પાર્થિકભાઈ કિરણભાઈ સરવૈયા |
| | | સહ ઈન્ચાર્જ | પ્રકાશભાઈ વાસુરભાઈ બગદરીયા |
| ૧૩ | બાબરા શહેર | ઈન્ચાર્જ | હિરેનભાઈ પરશોતમભાઈ ચેહાણ |
| | | સહ ઈન્ચાર્જ | રાહીભાઈ અનિલભાઈ ગોહેલ |
| ૧૪ | બાબરા તાલુકો | ઈન્ચાર્જ | વિશાલભાઈ દાનાભાઈ ઓત્રાદી |
| | | સહ ઈન્ચાર્જ | ડેનિશભાઈ વિનુભાઈ પડસાળા |
| ૧૫ | સા.કુંડલા શહેર | ઈન્ચાર્જ | સંજયભાઈ લાભુભાઈ કામળીયા |
| | | સહ ઈન્ચાર્જ | તેજશભાઈ અશ્વિનભાઈ નિમાવત |
| ૧૬ | સા.કુંડલા તાલુકો | ઈન્ચાર્જ | રણજીતભાઈ ખોડુભાઈ ખુમાણ |
| | | સહ ઈન્ચાર્જ | સંજયભાઈ જેરામભાઈ ખેરાળા |
| ૧૭ | લીલીયા તાલુકો | ઈન્ચાર્જ | અજયભાઈ અશોકભાઈ વિરાણી |
| | | સહ ઈન્ચાર્જ | વિપુલભાઈ બાબુભાઈ સાવલિયા |
| ૧૮ | રાજુલા શહેર | ઈન્ચાર્જ | રાજેશભાઈ જેન્તીભાઈ જાની |
| | | સહ ઈન્ચાર્જ | યશભાઈ કિરીટભાઈ વ્યાસ |
| ૧૯ | રાજુલા તાલુકો | ઈન્ચાર્જ | વિક્રમભાઈ વિહાભાઈ સાંખટ |
| | | સહ ઈન્ચાર્જ | વિરજીભાઈ કરણાભાઈ શિયાળ |
| ૨૦ | જાફરાબાદ શહેર | ઈન્ચાર્જ | બાબુભાઈ બચુભાઈ વાઢેળ |
| | | સહ ઈન્ચાર્જ | ગૌતમભાઈ બળવંતભાઈ માલણીયા |
| ૨૧ | જાફરાબાદ તાલુકો | ઈન્ચાર્જ | અરજણભાઈ લક્ષ્મણભાઈ સાંખટ |
| | | સહ ઈન્ચાર્જ | કુલદિપસિંહ વજેસિંહ રાઠોડ |

આ નિમણૂંકને અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા, લોકસભાનાં સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા (સાવરકુંડલા), જે.વી. કાકડિયા (ધારી), હીરાભાઈ સોલંકી (રાજુલા), જનકભાઈ તળાવિયાવ (લાઠી) સહિત જીલ્લા ભાજપનાં આગેવાનો તથા હોદ્દેદારોએ મીડિયા સેલમાં નિમણૂક પામેલા કાર્યકરોને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી છે તેમ જિલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

### તાજેતરમાં તેઓની તબિયત લથડતા

# અમરેલીના શિવભક્ત અરવિંદભાઈ જાનીના ખબર અંતર પુછવા આગેવાનો

## રાજયમંત્રી વેકરિયા અને જાણીતા તબીબો પણ પહોંચ્યા



અમરેલી, તા.૨૬

ગુજરાત રાજયનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયા તથા રાજકોટનાં ધારાસભ્ય રમેશભાઈ ટીવાલા તેઓ નાગનાથ મંદિરનાં અનન્ય ભકત અરવિંદભાઈ (જાનીદાદા) ની ખબર અંતર પુછવા તેમના નિવાસ સ્થાને પહોંચ્યા હતા.

તદ્ ઉપરાંત અમરેલીનાં ડો.વી.પી.રાવલ, ડો. ડી.એમ. ઉનડકટ, ડો.ભાવેશ દવે, ડો.ધાખડા, ડો.બી.કે.મહેતા, ડો.રાસપુત્રા, ડો.સ્નેહલ પંડયા, ડો.ઉત્સવ ઉનડકટ, ડો.ચિરાગભાઈ ત્રિવેદી, મજીદભાઈ તૈલી, મૌલિકભાઈ ઉપાધ્યાય, અલ્કાબેન ગોંડલિયા, સરલાબેન સોજીત્રા વગેરે નામી, અનામી લોકોએ અરવિંદભાઈ (જાનીદાદા)ના નિવાસ સ્થાને આવી ખબર અંતર પુછયા હતા.

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયા દ્વારા

# બાબરા ખાતે "વોકલ ફોર લોકલ"નાં મંત્ર સાથે સ્વદેશી મેળાનો થયો પ્રારંભ

## સ્થાનિક વેપારીઓ, મહિલા ઉદ્યોગકારોને મળશે

બાબરા, તા. ૨૬

દેશના સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ, મહિલા ઉદ્યોગકારો અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુ સાથે બાબરા નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી લોકમેળાનો ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. 'વોકલ ફોર લોકલ'ના મંત્રને સાકાર કરવા અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે આયોજિત આ મેળો સ્થાનિક નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

મેળાના ઉદ્દઘાટન પ્રસંગે ધારાસભ્ય અને સાંસદએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ સ્થાનિક વેપારીઓ, કારીગરો અને મહિલા ઉદ્યોગકારો સાથે સંવાદ સાધ્યો હતો. મેળામાં સ્થાનિક સ્તરે તૈયાર કરવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓ, હસ્તકલાની વસ્તુઓ, ગૃહઉદ્યોગની પેદાશો તથા મહિલા સ્વસહાયજૂથો દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનોના સ્ટોલ લોકોમાં આકર્ષણ જમાવી રહ્યા છે. આ મેળો સ્થાનિક પ્રતિભા, કૌશલ્ય અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનું ઉત્તમ માધ્યમ બની રહ્યો છે.

આ પ્રસંગે ધારાસભ્યએ સ્વદેશી ઉત્પાદનોના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, સ્વદેશી માત્ર કોઈ વસ્તુની ખરીદી પૂરતું સીમિત નથી, પરંતુ તે આપણા સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ, બહેનો અને યુવાનોની મહેનતને પ્રોત્સાહન આપવાનો સંકલ્પ છે. સ્થાનિક સ્તરે તૈયાર થતી વસ્તુઓને વધુમાં વધુ અપનાવવામાં આવે તો નાના વેપારીઓ અને ગૃહઉદ્યોગોનો વિકાસ થશે તેમજ સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઊભી થશે. આવા મેળાઓ સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા અને તેમની પ્રતિભાને લોકો સુધી પહોંચાડવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સાંસદએ પણ સ્વદેશી ઉત્પાદનોના વપરાશને સમયની જરૂરિયાત ગણાવતાં જણાવ્યું હતું કે, દેશની પ્રગતિમાં સ્થાનિક ઉદ્યોગો, નાના વ્યવસાયો અને કારીગરોનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. આપણા દેશના કારીગરો અને ઉદ્યોગકારોની મહેનતથી તૈયાર થતી સ્વદેશી વસ્તુઓની ખરીદી કરીને તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળશે તો નાના વ્યવસાયોને નવી તકો મળશે અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ બળ મળશે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા નગરપાલિકા દ્વારા આયોજિત આ સ્વદેશી મેળામાં વિવિધ પ્રકારની સ્વદેશી ચીજવસ્તુઓ અને ઉત્પાદનોનું વૈવિધ્ય જોવા મળી રહ્યું છે. સ્થાનિક વેપારીઓ, કારીગરો, ગૃહઉદ્યોગો સાથે સંકળાયેલી મહિલાઓ તથા વિવિધ સંસ્થાઓને પોતાનાં ઉત્પાદનોના પ્રદર્શન, પ્રચાર અને વેચાણ માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો નગરપાલિકાનો પ્રયાસ સરાહનીય બની રહ્યો છે.મેળાના પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સ્ટોલધારકો સાથે મુલાકાત કરી તેમના કાર્યની જાણકારી મેળવી હતી અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે નગરજનોને અપીલ કરી હતી. સ્થાનિક સ્તરે બનતી વસ્તુઓની ખરીદી કરવાથી સ્થાનિક વેપારને વેગ મળશે અને નાના ઉદ્યોગકારોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે તેવી ભાવના પણ વ્યક કરવામાં આવી હતી.આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ, સભ્યો, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યો, શહેર ભાજપ પ્રમુખ તથા શહેર ભાજપ સંગઠનની ટીમ, શહેરના આગેવાનો, વડીલો, ભાજપના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બાબરા નગરપાલિકા દ્વારા આયોજિત આ સ્વદેશીમેળો આગામી સાત દિવસ દરમિયાન સ્થાનિક વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા સાથે નગરજનો માટે ખરીદી અને સ્વદેશી ઉત્પાદનોની ઓળખનું મહત્વપૂર્ણ માધ્યમ બની રહેશે. સ્વદેશી અપનાવો, સ્થાનિક વેપારને વેગ આપો અને આત્મ નિર્ભર ભારત બનાવોના સંદેશ સાથે બાબરામાં યોજાયેલો આ મેળો સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાની દિશામાં એક આવકાર દાયક પહેલ બની રહ્યો છે.

### ધારાસભ્ય જનક તળાવીયાના વરદ્ હસ્તે લોકાર્પણ

# બાબરા મામલતદાર કચેરી ખાતે નવનિર્મિત જનસેવા કેન્દ્ર લોકો માટે ખુલ્લુ મુકાયુ

## લોકોની સુવિધામાં વધુ એક વધારો થયો

બાબરા, તા. ૨૬

રાજય સરકાર દ્વારા નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળતાથી, ઝડપથી અને પારદર્શક રીતે મળી રહે તે દિશામાં કરવામાં આવી રહેલા સતત પ્રયાસોના ભાગરૂપે બાબરા મામલતદાર કચેરી ખાતે નવનિર્મિત જન સેવા કેન્દ્રનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જન સેવા કેન્દ્રના પ્રારંભ સાથે બાબરા વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ માટે સરળ અને સુવિધાજનક વ્યવસ્થા ઉપલબ્ધ બનશે. અગાઉ અલગ-અલગ સેવાઓ માટે નાગરિકોને કચેરીઓમાં જવું પડતું હોય છે ત્યારે જન સેવા કેન્દ્રના માધ્યમથી અનેક સરકારી સેવાઓ એક જ સ્થળેથી મળી રહે તેવી સુવિધા ઊભી કરવામાં આવી છે. જેના કારણે ખાસ કરીને ગ્રામ્યવિસ્તારના નાગરિકો, વડીલો, મહિલાઓ તથા સામાન્ય અરજદારો માટે સરકારી સેવાઓ મેળવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે સામાન્ય નાગરિકને સરકારી કચેરીના ધક્કા ન ખાવા પડે અને તેને જરૂરી સરકારી સેવા સમયસર તથા સરળતાથી મળી રહે. ટેકનોલોજી અને સુવિધાઓના ઉપયોગ થકી સરકારી સેવાઓને લોકોની નજીક લઈ જવાનું કાર્ય થઈ રહ્યું છે, ત્યારે બાબરા ખાતે શરૂ થયેલું જન સેવા કેન્દ્ર નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિકાસનો સાચો અર્થ ત્યારે જ સાર્થક થાય જયારે તેનો સીધો લાભ સામાન્ય માણસ સુધી પહોંચે. નાગરિકોને સરકારી યોજનાઓ,



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

પ્રમાણપત્રો તથા વિવિધ સેવાઓ સરળતાથી મળી રહે અને સરકારી વ્યવસ્થા વધુ લોકાભિમુખ બને તે માટે સરકાર દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. બાબરા વિસ્તારમાં પણ લોકોની જરૂરિયાત અને સુવિધાને ધ્યાનમાં રાખીને વિકાસના વિવિધ કામોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જન સેવા કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા કેન્દ્ર ખાતે ઉપલબ્ધ થનારી વિવિધ સેવાઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી. નાગરિકોને જરૂરી માર્ગદર્શનઅને સેવાઓ એક જ સ્થળેથી ઉપલબ્ધ થવાથી લોકોનો સમય અને શ્રમ બંને બચશે તથા સરકારી સેવાઓ મેળવવાની પ્રક્રિયામાં વધુ સુગમતા આવશે. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ તથા સભ્યો, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સભ્યો, શહેર ભાજપ પ્રમુખ તથા શહેર ભાજપ સંગઠનની ટીમ, તાલુકા ભાજપ પ્રમુખ તથા તાલુકા ભાજપ સંગઠનની ટીમ, વડીલો, શહેરના આગેવાનો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ જન સેવા કેન્દ્રની કામગીરી અને સુવિધાઓનું નિરીક્ષણ કરી નાગરિકોને તેનો મહત્તમ લાભ મળે તે અંગે જરૂરી સૂચનો કર્યા હતા. સાથે સાથે અધિકારીઓ તથા કર્મચારીઓને પણ નાગરિકોને સારી, ઝડપી અને સરળ સેવા મળી રહે તે માટે સંવેદનશીલતાથી કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

બાબરા ખાતે જન સેવા કેન્દ્રના લોકાર્પણથી 'સરકારની સેવા, નાગરિકોના દ્વારે ની ભાવનાને વધુ વેગ મળ્યો છે. આ કેન્દ્રના માપ્રયમથી બાબરા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ વધુ સરળતાથી અને સુવિધાપૂર્વક મળી રહેશે. લોકોની સુવિધામાં વધારો કરતી આ નવીવ્યવસ્થાને નગરજનો અને આગેવાનો દ્વારા આવકારવામાં આવી હતી.

આ રીતે બાબરા ખાતે જન સેવા કેન્દ્રનો પ્રારંભ સુશાસન, પારદર્શિતા અને નાગરિક લક્ષી વહીવટ તરફનું વધુ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

હવે આપના અમરેલી જિલ્લાની નેત્ર ચિકિત્સા હોસ્પિટલમાં
મોઢા અને ગળાના કેન્સરના ઓપરેશન દ્વારા સારવાર
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
આયુષ્માન ભારત યોજના મેડિકલેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ
ડો. હર્ષ બારોટ M.S., (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 9978966629

## અમરેલી સ્થિત ઠેબી વિસ્તારમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ પ્રસરાવતાં કૌશિક વેકરિયા

# અમરેલીમાં 'ઈકો અર્થ ફાઉન્ડેશન'નાં નેજા હેઠળ 'વૃક્ષારોપણ' અભિયાન વેગવંતુ બન્યું

**ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા ''ફ્રી ધ ટ્રી મુવમેન્ટ''ની ઉત્સાહભેર શરૂઆત કરવામાં આવી**

**વૃક્ષોને તાર, જાળીઓની પકડ અને બ્લોક કોંક્રિટનાં બાંધકામમાંથી મુક્તિ અપાશે**

**તે જ સ્થળે રાજયમંત્રી સહિતનાં હોદ્દેદારો અને વિદ્યાર્થીઓએ ''મન કી બાત'' રેડિયો કાર્યક્રમનું શ્રવણ કર્યુ**

**કલાઈમેન્ટ ચેન્જની વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે જરૂરી ગ્રીન કવર વિકસિત કરવું જરૂરી**



અમરેલી, તા. ૨૬

અમરેલી સ્થિત ઠેબી ડેમ વિસ્તારમાં પર્યાવરણ સંરક્ષણના ઉમદા હેતુ સાથે ઈકો અર્થ ફાઉન્ડેશનના નેજા હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયના કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, રાજુલા વિસ્તારના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, ધારી–બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો અનેરો સંદેશ પ્રસરાવ્યો હતો.

આ તકે રાજયમંત્રીએ પ્રકૃતિના જતન માટે વૃક્ષોનું મહત્વ સમજાવી, ઉપસ્થિત યુવાનો અને નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ પર્યાવરણની સુરક્ષા માટે સક્રિય સહભાગી બનીને સમાજમાં એક અનેરો સકારાત્મક સંદેશ પ્રસરાવવા અપીલ કરી હતી.

પર્યાવરણ સંરક્ષણની

અનુસંધાન પાના ૬ ઉપર

## કળિયુગ જેવા માહોલમાં તસ્કરો ધાર્મિક સ્થાનો પણ છોડતા નથી

# બાબરા : ઘુઘરાળા ગામે રામદેવપીરનાં મંદિરમાંથી તસ્કરોએ રૂપિયા ૪૫ હજારનાં મુદ્દામાલની ઉઠાંતરી કરી

**તીક્ષણ હથિયારો સાથે ૩ ઈસમો મંદિરમાં પ્રવેશયાનું દ્રશ્ય સીસીટીવીમાં કેદ**

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાનાં ઘુઘરાળા ગામે ગમાંપીપળીયા માર્ગ પર આવેલ રામદેવપીરનાં મંદિરમાં તસ્કરોએ હાથફેરો કરી ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડતી ઘટનાને અંજામ આપ્યો છે. શનિવારે રાત્રિનાં સમયે આશરે ત્રણ અજાણ્યા શખ્સો મંદિરનાં તાળાં તોડી અંદર ઘૂસી ગયા હતા અને રામદેવપીર, ખોડિયાર માતાજી, હનુમાનજી, ગણપતિદાદા તથા ભગવાન શ્રીકૃષ્ણની ચાંદીની કુલ પાંચ મૂર્તિઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ચોરી થયેલા મુદ્દામાલની અંદાજિત

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## યુવકે જો તું ફોનમાં વાતો નહી કરે તો હું દવા પી જઈશ તેવું કહેતા

# બાબરાનાં ખાખરીયા ગામે રહેતી તરૂણી ઝેરી દવા પી જતાં સારવારમાં

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૬

બાબરા તાલુકાના ખાખરીયા ગામે રહેતી એક સગીરા હોવાનું જાણવા છતાં બાબરા તાલુકાના શીરવાણીયા ગામે રહેતો આરોપી રૂષિતભાઈ બાબુભાઈ રોજાસરા તેણીને અવાર–નવાર ફોન કરી તેની સાથે વાતો કરી તેમજ અવાર નવાર વોટસએપમાં મેસેજ કરી વાતો કરી તેમજ અવાર નવાર તેણીની પાછળ મોટર સાયકલ લઈ જતો હોય તેમજ તેણીને બાબરાથી મોટા દેવળ ીયા ગામે પોતાના મોટર સાયકલમાં બેસાડી મુકવા જતો હતો. આરોપીએ તેણીને કહેલ કે જો તું ફોનમાં મારી સાથે વાતો નહિ કરે તો હું દવા પી અને મરી જઈશ. તેવી ગર્ભીત ધમકી આપતા તેણીને મનમાં લાગી આવતાં પોતે પોતાની મેળે ગત તા. ર૪ના રોજ સાંજના આશરે પોણા છ વાગ્યે મોટા દેવળીયા ગામે ઝેરી દવા પી જતાં હાલ તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
hrscpl1987com
+91 95109 59957
APPLY NOW

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૮૨

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી
ચાઈનીઝ
કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catering service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)